**આજનો સુવિચાર**

સફળ વ્યકિતઓ અલગ કાર્ય નથી કરતા, પણ કાર્યને અલગ રીતે કરે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૩૯ જૂનાગઢ તા.૨૬-૯-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 239, Junagadh : Date : 26 September, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# કેનેડામાં ખાલિસ્તાની સમર્થકો દ્વારા ભારત વિરોધી પ્રદર્શન : તિરંગો ફાડી અપમાન કર્યુ




વાન્કુંવર તા. ૨૬

કેનેડામાં ખાલિસ્તાની સમર્થકોએ ગઈ કાલે ભારત વિરુદ્ધ પ્રદર્શન કર્યુ હતું. જેમાં ભારતના તિરંગાનું પણ અપમાન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન માટેનું એલાન શીખ ફોર જસ્ટિસના વડા ગુરપતવંત સિંહ પન્નુએ હાકલ કરી હતી.

કેનેડામાં એક જ દિવસે બે અલગ-અલગ સ્થળોએ દેખાવો યોજાયા હતા. પ્રથમ પ્રદર્શન વાનકુવર, કેનેડામાં હતું. જ્યાં કેટલાક ખાલિસ્તાની સમર્થકો ભારતીય દૂતાવાસની બહાર એકઠા થયા હતા અને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. ખાલિસ્તાનના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન ખાલિસ્તાની સમર્થકો ભારતીય તિરંગાનું અપમાન કરતા અને તેને ફાડતા જોવા મળ્યા હતા. તિરંગાનું મોટું બેનર બનાવવામાં આવ્યું હતું. જેને ખાલિસ્તાની સમર્થકોજમીન પર પાથર્યુહતું અને તેના પર ચાલતા પણ જોવા મળ્યા હતા. એટલું જ નહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસવીર લગાવીને તેમનું અપમાન પણ કરવામાંઆવ્યું હતું.

પન્નુ વતી લોકોને ભારતીય દૂતાવાસની બહાર દેખાવો માટેનું એલાન આપવામાં આવ્યું હતું. SFJનોઅંદાજહતોકેસેંકડોલોકો આ પ્રદર્શનમાંપહોંચશે, પરંતુ એવું થયું નહીં. માત્ર ૩૦ જેટલા લોકો પ્રદર્શન માટે આવ્યા હતા. તેમજ એવી માહિતી છે કે તેમાંથી મોટાભાગના દૈનિક વેતન મામલે પ્રદર્શન માટે એકઠા થયા હતા.

ભારતના કડક વલણ બાદ ભારતીય દૂતાવાસની બહાર ખાલિસ્તાની સમર્થકોની ભીડ દિવસે ને દિવસે ઘટી રહી છે. તેની પાછળ ભારત સરકાર દ્વારા લેવામાંઆવેલો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય છે. ભારત સરકારે હાલમાં વિરોધ કરી રહેલા ખાલિસ્તાની સમર્થકોની ભીડમાં ચહેરાઓને ઓળખવાનું કામ શરૂ કર્યું છે.

આ પછી ભારત સરકાર આ તમામદેખાવકારોના OCI કાર્ડરદ કરવા જઈ રહી છે. OCI એટલે ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા, જે વિદેશમાં સ્થાયી થયેલા ભારતીયોને બેવડી નાગરિકતા પ્રદાન કરે છે. હવે વિદેશમાં સ્થાયી થયેલા ખાલિસ્તાની સમર્થકો ભારત પરત નહીં આવી શકે તેવા ડરથી ખુલ્લેઆમ આગળ આવવાનું ટાળી રહ્યા છે.


## આવતીકાલે રાજકોટમાં ભારત - ઓસ્ટ્રેલીયા વચ્ચે ત્રીજો વનડે

રાજકોટ તા. ૨૬

આવતીકાલે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રાણ વન-ડે મેચોની શ્રેણી પૈકીની અંતિમ મેચ રાજકોટમાંરમાશે. ભારતે શ્રેણીની પ્રથમ વન-ડે જે મોહાલીમાંરમાયેલ તે પાંચ વિકેટે અને ત્યારબાદ ઈન્દોરમાં રમાયેલ બીજી વન-ડેમાં ૯૯ રને ઓસિઝને પરાજીત કરીને શ્રેણી કબ્જે કરી જ લીધી છે. હવે ભારત રાજકોટમાં પણ વન-ડે જીતી ઓસ્ટ્રેલિયાને કલીન સ્વીપ કરવા ચાહે છે.

# મુસ્લીમો પણ આપણા જ છે, કોઈ બહારનું નથી : મોહન ભાગવત

## ''સનાતન ધર્મ નથી પણ સંસ્કૃતિ છે - જે લોકો હિન્દુ ધર્મની ટીકા કરે છે તેઓ હિન્દુ ધર્મને જાણતા નથી''



લખનૌ તા. ૨૬ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સર સંઘ ચાલક મોહનરાવભાગવતે કહ્યું કેમુસ્લીમો આપણાથી અલગ નથી, તેઓ પણ આપણા જ છે, માત્ર તેમની પૂજાની પદ્ધતિ બદલાઈ છે. આ દેશ તેમનો પણ છે અને તેઓ પણ અહીં જ રહેશે. તેમણે કહ્યું કે સંઘ સમગ્ર સમાજને સંગઠિત કરવા માંગે છે અને સંઘ માટે કોઈ પરાયું નથી. આજે અમારો વિરોધ કરનારા પણ અમારા છે. તેમણે કહ્યું કે પરંતુ એ વાત ચોક્કસ છે કે તેમના વિરોધથી અમને કોઈ નુકસાન ન થાય તે માટે અમે ચોક્કસપણે ચિંતિત થઈશું.

સરસ્વતી શિશુ મંદિર ખાતે સાંજેસંવાદનાબીજા રાઉન્ડમાંસેના અને અન્ય કેટલાક ક્ષેત્રોના પ્રતિનિધિઓએ વાતચીત કરીહતી. સંઘ પ્રમુખે કહ્યું કે જે લોકો હિંદુ ધર્મની ટીકા કરે છે તેઓ હિંદુ ધર્મને જાણતા નથી. તેમણે કહ્યું કે આવા ઘણાઉદાહરણોછે જયારેલોકોહિંદુ ધર્મને જાણતા અને સમજતા થયા અને તેઓ તેના ચાહક પણ બન્યા. તેમણે કહ્યું કે સનાતન ધર્મ નથી પરંતુ સંસ્કૃતિ છે.

ભાગવતે કહ્યું કે જો સમાજમાં પ્રબુદ્ધ લોકો તટસ્થ રહેશે તો રાજકારણ ભટકી જશે. તેમણે કહ્યું કે સમાજમાં જે સારૂ કામ થઈ રહ્યું છે તેને સહયોગ મળવો જોઈએ.

મોહન ભાગવતે કહ્યું કે સંઘ ઈતિહાસમાં એવું લખવા માંગતો નથી કે સ્વયંસેવક સંઘના કારણે દેશનો ઉદ્ધાર થયો. તેમણે કહ્યું કેસંઘ ઈતિહાસમાં એ લખવા માંગે છે કે સંઘના કારણે જ આ દેશમાં એક એવી પેઢીનું નિર્માણ થયું, જેણે ઉદ્યોગસાહસિકતા અપનાવી પરિશ્રમ કર્યો અને પોતાના દેશને સમગ્ર વિશ્વનો ગુરૂ બનાવ્યો. RSS વડાના ભાષણમાં સબકા સાથ-સબકા પ્રયાસની ઝલક પણ જોવા મળી હતી. મુસ્લીમ સમુદાયના ડો. મોહમ્મદ શાદાબ અને કેરીની અનેક જાતોના પિતા કલીમુલ્લાહને પણ મોહન ભાગવત સાથે વાર્તાલાપ કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. સંઘ પ્રમુખે એમ પણ કહ્યું કે સંઘ દરેકને જોડવાનો અને દરેકને આમંત્રિત કરવાનો પ્રયાસ કરે છે.

# વડાપ્રધાન મોદી આજથી ગુજરાતનાં બે દિવસનાં પ્રવાસે

અમદાવાદ તા. ૨૬ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજેસાંજે બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. મોદીનું આજે સાંજે અમદાવાદના વિમાની મથકે ગુજરાત ભાજપની હજારો બહેનો નારી શક્તિ વંદન અધિનિયમ (મહિલા અનામત ખરડા) સંસદમાં મંજુર કરાવવા બદલ અભિવાદન કરશે.

મોદી આવતીકાલે સવારે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલસમીટના ૨૦ વર્ષની ઉજવણી નિમિતે યોજાનાર એક કાર્યક્રમમાં ગાંધીનગરમાં સાયન્સ સીટીમાં હાજરી આપશે. આ કાર્યક્રમ બાદ વડાપ્રધાન છોટા ઉદેપુરના બોડેલીમાં રૂા.૫૨૦૦ કરોડના પ્રોજેકટનો શિલાન્યાસ કરશે. જેમાં ખાસ કરીને મીશનસ્કુલઓફ એકસલન્સહેઠળ શાઓના નવા વર્ષે સ્માર્ટ કલાસરૂમ કમ્પ્યુટર લેબ વિજ્ઞાન સહિતના અભ્યાસના લેખ તથા સાધનો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચર પણ રાષ્ટ્રને સમર્પીત કરશે. વડાપ્રધાન મોદી બાદમાં વડોદરા જશે. જયાં પણ હજારો મહિલાઓ તેમનું અભિવાદન કરશે. વડાપ્રધાન મોદીનીઆ મુલાકાતમાટે અમદાવાદ, ગાંધીનગર તથા છોટાઉદેપુર અને વડોદરામાં લોખંડી સુરક્ષા તૈનાત કરવામાં આવી છે.

## ટમેટાનો ભાવ પહેલા રૂા.૩૦૦ હતા હવે રૂા.૫ : ખેડૂતો પરેશાન



નવી દિલ્હી તા. ૨૬ : એક મહિના પહેલા ટામેટાના ભાવ આસમાનને આંબી ગયા હતા. મેટ્રો શહેરોમાં ટામેટા ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોથી વધુના ભાવે વેચાતા હતા. હવે આજે સ્થિતિ એવી છે કે ટામેટાંના ભાવ ૩-૫ રૂપિયા સુધી પહોંચી ગયા છે. ખેડૂતોને ટામેટાની ખેતીનો ખર્ચ પણ મળતો નથી. ઘણા ખેડૂતો ખેતરમાં જ પોતાના ટામેટાના પાકનો નાશકરી રહ્યા છે. કહેવામાં આવીરહ્યું છે કે બમ્પર ઉપજ બાદ ટામેટાંના ભાવ ગગડી ગયા છે. હકીકતમાં ટામેટાં મોંઘા થતાં અનેકખેડૂતોએ કરોડોની કમાણી કરી હોવાના અહેવાલ હતા. ઘણા ખેડૂતોએ ટામેટાં ઉગાડવાનું શરૂ કર્યું છે અને આવકમાં વધારો થવાને કારણેટામેટાના ભાવ ધડામ થઈ ગયા છે. ઘણા ખેડૂતોએ તેમના ટામેટાનો પાક વેચી દીધો. તેઓને તેમની પેદાશો માટે એટલા ઓછા દર મળ્યા કે તેઓ તેમના રોકાણનો અડધોભાગ પણ પાછો મેળવી શક્યા નહીં.

# પંચમહાલ જીલ્લાનાં ગજાપુર ગામનાં તળાવમાં ન્હાવા પડેલા ચાર બાળકોનાં ડુબી જવાથી કરૂણ મોત

પંચમહાલ તા. ૨૬

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ગજાપુરા ગામમાં તળાવ નજીક આજે વહેલી સવારે ૪ બાળકો રમતા રમતા એક ખાડામાં નાહવા પડ્યાંહતાં. ત્યારે અચાનક ખાડાના પાણીમાં ડૂબી જવાથી ચારેય બાળકોના કરૂણ મોત નીપજ્યાં હતા. ગજાપુરાગામના એક જ પરિવારના ૪ માસૂમ બાળકોના મોત થતા પરિવારમાં ભારે આક્રંદના દ્રશ્યો સર્જાયા હતા. આ ઘટનાને લઈ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સ્થળ પર પહોંચ્યા હતા. ચારેય બાળકોની લાશને તળાવમાંથી સ્થાનિક તરવૈયાઓએ બહાર કાઢી હતી. તમામબાળકોઅંદાજીત ૧૦થી ૧૨ વર્ષની ઉંમર હતી.

મૃતક બાળકોમાં સંજય વીરાભાઈ બારીયા,૧૦ વર્ષ, રાહુલ રમેશભાઈ બારીયા,૧૧ વર્ષ, પરસોત્તમ રાજુભાઈ બારીયા,૯ વર્ષ, અંકિત અરવિંદભાઈ બારીયા,૧૧ વર્ષનો સમાવેશ થાય છે. એકસાથે ચાર બાળકોતળાવના ઊંડાપાણીમાં ડૂબ્યા હતા, આ તમામ બાળકો ના મોત નિપજ્યા છે. નાનકડા ગામમાં એક સાથે ચાર બાળકોના તળાવમાં ડૂબી જવાથી મોત થતા ગામ આખું તળાવે એકઠું થયું હતું. એક સાથે ગામના ચાર બાળકોના મૃતદેહો તળાવ કિનારે બહાર કાઢવામાં આવતા ગામ આખું હિબકે ચડ્યું હતું.

### કર્ણાટક કોંગ્રેસનાં ધારાસભ્યનો વિડીયો વાયરલ થતાં ભારે હોબાળો

# ભાજપ લોકસભાની ચૂંટણી જીતવા રામમંદીર પર બોંબ ફેકશે અને મુસ્લીમોને દોષિત ગણાવશે

બેંગ્લોર, તા.૨૬: કર્ણાટકના ધારાસભ્ય બીઆર પાટીલનું એક નિવેદન વાયરલ થયું છે. ભાજપની ટીકા કરતા તેમણે કહ્યું કે તેઓ રામ મંદિર પર બોમ્બ ફેંકી શકે છે અને તેના માટે મુસ્લીમ સમુદાયના લોકોને દોષી ઠેરવી શકે છે. તેનાદ્વારા તેઓ હિન્દુ મતોને એક કરીને લોકસભાની ચૂંટણી જીતવાનો પ્રયાસ કરશે.

કોંગ્રેસના ધારાસભ્યના આ નિવેદનનો વીડિયો કર્ણાટક ભાજપે તેના એક્સ (પૂર્વ ટ્વીટર) એકાઉન્ટ પર શેર કર્યો છે. ભાજપે આ મામલે કોંગ્રેસ હાઈકમાન્ડ પાસે માફી માંગવાની માંગ કરી છે. એટલું જ નહીં, ભાજપે કહ્યું કે કોંગ્રેસ રામ મંદિરને નુકસાન પહોંચાડીને હિંદુઓ અને મુસલિમો વચ્ચે સંઘર્ષ ઉભો કરવા માંગે છે. ત્યારે સરકાર પર દોષનો ટોપલો ઢોળવાની તૈયારી છે. ભાજપ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં કોંગ્રેસના ધારાસભ્ય કન્નડમાં બોલતા સાંભળી શકાય છે. તેઓ કહે છે, ભાજપ આગામી લોકસભા ચૂંટણીમાં મોદીની જીત સુનિશ્ચિત કરવા માટે રામ મંદિર પર બોમ્બ ફોડી શકે છે. પછી તે મુસ્લીમો પર દોષારોપણ કરીને હિંદુઓને એક કરવાનો પ્રયાસ કરશે. બીઆર પાટીલનું આ નિવેદન કયારેનું છે તે સ્પષ્ટ નથી. પરંતુ ભાજપે ચોક્કસપણે તેના પર હુમલો કર્યો છે અને તેને હિન્દુ આસ્થાનું અપમાન ગણાવ્યું છે. ભાજપે સોશિયલ મીડિયા પર લખ્યું, કોંગ્રેસના નેતાઓ, જેઓ વારંવાર હિંદુઓની આસ્થા પર સવાલ ઉઠાવે છે, હવે તેમની ખરાબ નજર રામ મંદિર પર પણ છે. આ લોકો રામ મંદિરને નુકસાન કરીને હિંદુ-મુસ્લીમ વચ્ચે લડાઈ ઉભી કરવા માંગે છેઅને દોષનો ટોપલો સરકાર પર નાખવાની તૈયારી કરી રહ્યા છે. આ જ કારણ છે કે પાર્ટીના મંત્રી આવી વાત કરી રહ્યા છે. કર્ણાટક લોકસભા ચૂંટણીના દૃષ્ટિકોણથી પણ એક મહત્વપૂર્ણ રાજ્ય છે.




**ખોડલધામ ટુર**

સ્લીપર કોચ

તા. ૧૦-૧૧-૨૦૨૩ ભાઈબીજથી ટુર ઉપડશે | દિવસ-૪૦

જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે

એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે

વહેલા તે પહેલાનાં ધોરણે

: બુકીંગ સંપર્ક :
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ




પીઆરપી ટ્રીટમેન્ટ ફોર હેર ગ્રોથ

**ડો. કેયુર ચોવટીયા**

M.B., D.V.D. (SKIN)
CONSULTANT
DERMATOLOGIST AND
COSMEROLOGIST

ન્યુ લુક

● સ્કીન ● કોસ્મેટીક ● ફિટનેસ

બીજો માળ, જે.બી. કોમ્પ્લેક્ષ, બસસ્ટેશનની સામે, શિવ શકિત ટ્રાવેલ્સ વાળી ગલી - જૂનાગઢ
મો.૬૩૫૩૩ ૮૩૬૨૬

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાંઆ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગીઅને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારેછે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેકગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ



**નવરાત્રી મહોત્સવ મનાવો ટાઉનહોલનાં ગ્રાઉન્ડમાં**

● શું આપ નવરાત્રી મહોત્સવ માટે પાર્ટી પ્લોટ કે મેદાન રાખવાનું વિચારી રહયા છો ?
● શું આપ સર્વજ્ઞાતિય નવરાત્રી મહોત્સવનાં આયોજન માટે વિચારી રહયા છો ?
● શું આપ એક દિવી - બે દિવસ અથવા ૧૦ દિવસ માટે ગ્રુપમાં દાંડીયા રાસનાં આયોજનનું વિચારી રહયા છો ?

તો મુંઝાશો નહી... કારણ કે....

જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલ કાળવા ચોક ખાતે આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલનું ગ્રાઉન્ડ છે જ...

આ ગ્રાઉન્ડ આધુનીક સુવિધાઓથી સજ્જ છે જેમાં લાઈટ ડેકોરેશન, નામી ઓરકેસ્ટ્રા મ્યુઝીકલ પાર્ટી, નામી કલાકારો સાથેની પણ વ્યવસ્થા છે આપને તો માત્ર નવરાત્રી મહોત્સવનું આયોજન જ કરવાનું છે બાકી સંપૂર્ણ સુવિધાથી સજ્જ છે

વહેલા તે પહેલાનાં ધોરણે
તો આપ રાહ શેની જોઈ રહયા છો ...?

**બુકીંગ ચાલુ છે**

સંપર્ક : મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧
જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણનેઅટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનુંનિયમિત સેવન કરોઅને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજોમાળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે.હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫થી ૭.૩૦ સુધી


અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૩૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ધીરૂભાઇ અંબાણી વિષે પરિમલ નથવાણી લિખિત ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી પુસ્તકોનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે લોકાર્પણ

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૨૬

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેક્ટર અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા લિખિત પુસ્તક 'એકમેવ ધીરૂભાઈ અંબાણી'નું ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આજ રોજ ગાંધીનગરમાં રાજભવનમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અતિથિ વિશેષ તરીકેની ઉપસ્થિતિએઆ ગ્રંથપ્રાગટ્ય સમારંભને ગરિમાપૂર્ણ બનાવ્યો હતો. પરિમલ નથવાણી દ્વારા લિખિત પુસ્તક 'એકમેવ ધીરૂભાઈ અંબાણી' નવભારત પબ્લિકેશન દ્વારા ગુજરાતી, હિંદી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. ગુજરાતી અને હિન્દીમાં પુસ્તકનું શીર્ષક 'એકમેવ ધીરૂભાઈ અંબાણી' અને અંગ્રેજીમાં તેનું શીર્ષક 'ધવન એન્ડ ઓન્લી ધીરૂભાઈ અંબાણી' રાખવામાં આવ્યું છે.



રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ ડી. અંબાણીએ પુસ્તકની પ્રસ્તાવના લખી છે. આ પુસ્તકમાં ધીરૂભાઈના અવસાન બાદ સમયાંતરે પરિમલ નથવાણીએ ધીરુભાઈ વિષે વિભિન્ન અખબારો વગેરેમાં લખેલા લેખોનું સંપાદન છે.

પરિમલ નથવાણીએ ઘણાં લાંબા સમય સુધી રિલાયન્સ ગ્રૂપના સ્થાપક ચેરમેન ધીરૂભાઈ અંબાણી સાથે ખૂબ જ નજીકથી કામ કર્યું હતું. તેમના ધીરૂભાઈ અંબાણી સાથેના આ કાર્યકાળ દરમિયાન તેઓ ધીરુભાઈની વિચારસરણી, કામ કરવાની ઢબ, સંબંધો જાળવવાની કુનેહ, વ્યાવસાયિક દૂરંદેશી, કામ પ્રત્યેની પ્રતિબધ્ધતા, નવું જાણવા અને વિચારવાની ખેવના, નવી ટેકનોલોજી અને યુવાનો પરનો વિશ્વાસ, વગેરેથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ પુસ્તકમાં નથવાણીએ ધીરુભાઈ સાથેના તેમના અનુભવોને શાબ્દિક સ્વરૂપ આપ્યું છે. ધીરૂભાઈ અંબાણીના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓ, જેમ કે એક વિચારક, એક ઉદ્યોગ સાહસિક, એક સ્વપ્રદૃષ્ટા, પરિવારના મોભી, એક રોલ મોડલ, વગેરેને સુપેરે આ પુસ્તકમાં આવરી લેવામાં આવ્યાં છે. આ પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતાં આ પુસ્તકના લેખક તેમજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેક્ટર અને રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, " ધીરૂભાઈ અંબાણી સાથેનો મારો નાતો જગજાહેર છે. ફલતઃ આ પુસ્તકની વિગતોમાં મારા આદર્શ પુરૂષ ધીરૂભાઈ અંબાણીની મારા મન પર પડેલી અસર, મારાં અવલોકનો અને મને થયેલી વિવિધ અનુભૂતિ વગેરે પ્રતિબિંબિત થઈ છે અને તે સ્વાભાવિકપણ છે."

આ પુસ્તકની પ્રસ્તાવનામાં મુકેશ ડી. અંબાણીએ જણાવ્યું છે કે, "પરિમલભાઈએ મારા પિતા સાથેના એમના સંબંધો તેમજ મારા પિતાની જીવનશૈલીને આલેખતા અનેક પ્રસંગો યાદ રાખીને આ પુસ્તકમાં સમાવ્યા છે અને આ પુસ્તક લોકોને વાંચવું ગમે, પ્રેરણાદાયી બને એવું લાગે છે, એ માટે મારે પરિમલભાઈને ધન્યવાદ આપવા છે. મારા પિતા વિશે આ પુસ્તકમાં ઘણું લખાયું છે. અંબાણી પરિવાર તેમજ રિલાયન્સ ઉદ્યોગગૃહની ઝીણીઝીણી કેટલી ઘટનાઓનું સંકલન આ પુસ્તકમાં છે, જે મને લાગે છે કે પરિમલભાઈ સિવાય બીજું કોઈ સમાવી ન શક્યું હોત."

આ પુસ્તક વિમોચન પ્રસંગે મંત્રી રાઘવજી પટેલ, મંત્રી મુળૂભાઈ બેરા, ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી, સાંસદો પૂનમબેન માડમ, રાજેશ ચુડાસમા, ધારાસભ્ય શૈલેષ મહેતા, વિવિધ ઉદ્યોગગૃહોના વડાઓ, રાજ્યના મુખ્ય સચિવ, ડીજીપી સહિતના વરિષ્ઠ અધિકારીઓ, પ્રતિનિધિઓ, અખબારી જગતના મહાનુભાવો સહિતના ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# માધાપર ચોકડી સિક્સ લેન ઓવરબ્રિજનું ઇ-લોકાર્પણ કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં નવા સીમાચિહ્નો સ્થાપવાના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પ્રતિબધ્ધ હોવાનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે માધાપર ચોકડી સિક્સ લેન ઓવરબ્રિજનું ઇ-લોકાર્પણ કરતા જણાવ્યું હતું. રાજયના મહિલા અને બાળ કલ્યાણ તથા સામાજિક ન્યાય અનેઅધિકારીતા મંત્રી ભાનુબેન બાબરિયા આ પ્રસંગે ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગેમુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે એકાત્મવાદના પ્રણેતા દીનદયાલ ઉપાધ્યાયજીની જન્મ જયંતી નિમિત્તે શબ્દાંજલિ અર્પિત કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પાયાની આંતરમાળખાકીય જેવી કે વીજળી, રસ્તા, નેટવર્ક જેવી સુવિધાઓ રાજયના દરેક વિસ્તાર સુધી પહોંચે તેવી કાર્ય-સંસ્કૃતિ વિકસાવી છે, આ પરંપરાને રાજ્ય સરકારની ટીમ આગળ ધપાવી આ સુવિધાઓને વધુ સુદ્રઢ કરવાનું કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ બ્રિજથી રાજકોટના નાગરિકોની સુવિધામાં વધારો થશે તેમજ આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના મોટા વાહનોને પણ આવનજાવનમાં વધુ સગવડ મળશે. આ ફ્લાયઓવર થકી જામનગર- રાજકોટ વચ્ચે અવરજવર કરતા નાગરિકોના સમય અને ઇંધણનો બચાવ થશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને જરૂરી આંતરમાળખાકીય સુવિધાથી સજ્જ બનાવી અન્ય રાજ્યો માટે રોલ મોડલ બનાવ્યું હતું. દેશમા ૯ વર્ષમાં ૩ લાખ ૨૮ હજાર કી. મી.ના ગ્રામીણ રસ્તાઓનું નિર્માણ થયુંછે. દેશમાં રોજના ૩૭ કી. મી. હાઈવેનુ નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના સુદ્રઢ માળખાને વધુ વિકસિત કરવા માટે આ વર્ષના બજેટમાં રૂ. ૨૦,૬૦૦ કરોડ જેટલી રકમ અને હાઈવેને ફોરલેન બનાવવા માટે ૨૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. ૨૨૦૦ કરોડના ખર્ચે ત્રણ હાઈવેને સિકસલેન કરવાની કામગીરી પ્રગતિમાં છે. હાઈવે સાથે મોટા શહેરોમાં ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે તેના રસ્તાઓને વધુ





વિકસિત કરવાની રાજય સરકારની નેમ છે. પ્રધાનમંત્રીના આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસમાં નવા સીમાચિહ્નો સ્થાપવાના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પ્રતિબધ્ધ છે. કલેક્ટર પ્રભવ જોશીએ સ્વાગત ઉદબોધન કર્યું હતું. ઉપસ્થિત સર્વે મહાનુભાવોએ ઓવરબ્રિજના પ્રવેશ પાસે પરંપરાગત રીતે ફળ વધેરીને બ્રિજને ખુલ્લો મુક્યા બાદ શુભારંભ થયેલા બ્રિજ પર સફર કરી હતી.

આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૈમીન ઠાકર, દંડક મનીષભાઈ રાડીયા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, પૂર્વ મેયર પ્રદીપભાઈ ડવ, અગ્રણીઓ મુકેશભાઈ દોશી, અશ્વિનભાઈ મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ડો. માધવ, કમલેશ મિરાણી, પોલિસ કમિશનર રાજુ ભાર્ગવ, નિવાસી અધિક કલેકટર એસ. જે. ખાચર, પ્રાંત અધિકારી સંદીપ વર્મા તેમજ વિવેક ટાંક, ડી.સી.પી ભાર્ગવ પંડ્યા તેમજ પૂજા યાદવ, નાયબ કાર્યપાલક ઈજનેર કે.એન.ઝાલા સહિત મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાચી તીર્થના પત્રકાર જાદવભાઈ ચુડાસમાના પુત્ર સત્યમભાઈનો આજે જન્મદિવસ



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તા.૨૬

પ્રાચી તીર્થ ના વરિષ્ઠ પત્રકાર અને ગાયત્રી પરિવારના વરિષ્ઠ કાર્યકર્તા અને આંખના કેમ્પના આયોજક જાદવભાઈ ચુડાસમા ના લાડકવાયો પુત્ર સત્યમભાઈ નો આજે જન્મદિવસ છે સત્યમ ભાઈ આજે ૧૨ વર્ષ પૂર્ણ કરી ૧૩ મા વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ વરિષ્ટ પત્રકાર અને ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન અને આંખના કેમ્પના આયોજક અને સામાજિક કાર્યકર કે જેવો હંમેશા પ્રજાના પ્રાણ પ્રશ્નોને સમાચાર ના માધ્યમ થી ઉજાગર કરનાર જાદવભાઈ ચુડાસમા ના લાડકવાયો પુત્ર સત્યમભાઈ ઉપર જન્મ દિવસ ની શુભકામનાઓ વર્ષા થઈ રહ્યો છે આજે જન્મ દિવસ ના શુભ દિવસે તેમના મંગલ જીવન તથા દીર્ઘાયુ તથા નિરામય સ્વાસ્થ્યની મા ગાયત્રી તથા પરમ પૂજ્ય ગુરુદેવ પાસે થી સાંજે દિપ યજ્ઞ ના માધ્યમથી પ્રાર્થના કરી ભારતીય સંસ્કૃતિ અનુરૂપ ઉજવણી કરવામાં આવશે અને સાથે સાથે પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષ વાવીને સંદેશ આપશે તેમાં પપ્પા જાદવભાઈ મમ્મી પ્રજ્ઞાબેન કાકા પ્રેસએન્ડ મીડિયા રિપોર્ટર શૈલેષ કુમાર વાળા બહેન વિશ્વેશ્વરીબેન , ભુવનેશ્વરી બેન, પ્રતીક્ષાબેન તેમજ ગાયત્રી પરિવારજનોએ વડીલો એ સત્યમભાઈ ને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ પાઠવવામાંઆવી રહી છે.

# દ્વારકા ખાતે એન.એસ.એસ.નાં વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિમાની સફાઈ કરાઈ







(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૬

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત શ્રી શારદાપીઠ કોલેજ દ્વારકાના એન.એસ.એસ. ૧/૨ ના વિદ્યાર્થીઓ દ્વારા દ્વારકાના નાયાભા કેર ના સ્ટેચ્યુની તેમજ ગાંધીજીના સ્ટેચ્યુની સફાઈ કરવામાં આવી હતી. તેમજ પ્રીતમ વ્યાયામ મંદિર ચોક અને ગાયત્રી મંદિર ચોકની સફાઈ કામગીરી કરી અને સ્વચ્છતા સેવા ના સંદેશને ચરિતાર્થ કર્યો હતો. આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર જગદીશ ટાકોદરા, હર્ષાબેન વાળા, હિતેશગીરી ગોસ્વામી, સ્મિતાબેન શાસ્ત્રી, અને પ્રિન્સિપાલ સંદીપ વાઢેર જોડાયેલા હતા. તેમજ સમગ્ર સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# રૂા. ૨૦૦૦ની નોટની વેલિડીટી સમાપ્ત થવા આડે માત્ર ચાર દિવસ



મુંબઈ,તા. ૨૬

૩૦મી સપ્ટેમ્બરના દિવસથી રૂા.૨૦૦૦ની ચલણી નોટો ચલણમાંથી રદ થઈ જશે. ૨૦૦૦ની નોટોની વેલિડીટીનું આ છેલ્લું અઠવાડિયું છે. જેને પગલે લોકોએ પોતાના ઘરમાં, મહિલાઓએ બચત તરીકે સાચવીને રાખેલી અને નાના બાળકોના ગલ્લામાં બચત પેટે રખાયેલી ૨૦૦૦ની નોટો બહાર આવી રહી છે. જેથી લગભગ દોઢેક મહિનાથી બજારમાંથી અદ્રશ્ય થઈ ગયેલી રૂ. ૨૦૦૦ની છૂટીછવાઈ નોટો બજારમાં નજરે પડતી થઈ છે. જોકે, દુકાનદારો કે મોલમાં તેને સહર્સ સ્વીકારવામાં આવી રહી છે. ૨૦૧૬ની નોટબંધી સમયે સમયાવધિ બાદ ઘણા લોકો પાસે સાચવીને મૂકી રાખેલી નોટો ઘરમાં જ રહી ગઈ હતી, જેનો કોઈ જ ઉપયોગ થઈ શકયો નહોતો. આ ઘટનાનું પુનરાવર્તન થાય નહિ તેના માટે લોકો એલર્ટ હોય તેમ લાગી રહ્યું છે.

# રોયલના રાજા ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા વાડલા ફાટક રોયલ ટાઉનશીપ જૂનાગઢમાં કરવામાં આવેલી ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢના રોયલના રાજા ગણેશ મહોત્સવ સમિતિના નરેન્દ્રસિંહ ચુડાસમાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, જૂનાગઢના વાડલા ફાટક પાસે આવેલ રોયલ ટાઉનશીપમાં રોયલના રાજા ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મહોત્સવ દરમ્યાન જુદા જુદા દિવસોમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, નિવૃત્ત ફૌજી ભાઈઓનું સન્માન, વેશભૂષા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સોસાયટીના બાળકોએ વિવિધ પાત્રો જેવા કે, જૂનાગઢના રાજવી રા નવઘણ, ઝાંસી કી રાની, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સુષ્મા સ્વરાજજી, મહાદેવ, ડોક્ટર, શિક્ષક, સ્વામી વિવેકાનંદ, કૃષ્ણ કનૈયા વગેરે જેવા વિવિધ પાત્રો બાળકો દ્વારા ભજવવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના નિર્ણાયક તરીકે સંજયભાઈ, સમીરભાઈ દવે, ભાર્ગવભાઈ દેવમુરારી જોળિઓમા નિર્ણાયક તરીકે સેવા આપી હતી.આ કાર્યક્રમમાં આયોજકો દ્વારા બાળકોને પ્રોત્સાહક સ્વરૂપે પ્રમાણપત્ર, સોસાયટીના મહિલા મંડળ દ્વારા બાળકોને સુંદર મજાની ભેટ આપવામાં આવી હતી. આ બધા જ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. અને રોયલ સોસાયટીના વડીલોએ ખાસ હાજરી આપીને બાળકોને પ્રોત્સાહન આપેલ હતું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સોસાયટીના રાજભાઈ, હાર્દિકભાઈ, વિજયભાઈ, રોનકભાઈ, નયનભાઈ, નિલેશભાઈ, કિરણભાઈ, કિશોરસિંહ, અભયભાઈ, હિરેનભાઈ, નિરવભાઈ, પારસભાઈ, સાવનભાઈ, અમરભાઈ, ડેવિટભાઈ કંસારા સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ યાદીના અંતે જણાવેલહતું.

# દિલ્હી મેટ્રોમાં ફરી એકવાર વાંધાજનક ઘટના ભાનભુલેલા કપલની વિડીયો વાયરલ

નવી દિલ્હી,તા.૨૬

દિલ્હીની મેટ્રો અવારનવાર લાઈમલાઈટમાં આવતી હોય છે અને એનું કારણ છે આ મેટ્રો ટ્રેનમાં પ્રવાસીઓ દ્વારા કરવામાં આવતી ઉટપટાંગ હરકતો નેએને એના વાઈરલ થતાં વીડિયો. ક્યારેક કોઈ છોકરી ટૂંકા કપડાં પહેરીનેપ્રવાસ કરે છે તો ક્યારેક વળી કોઈ માથા ફરેલ વ્યક્તિ મહિલા કે યુવતીને જોઈને અશ્લીલ ચાળા કરે છે. હાલમાં સોશિયલ મીડિયા પર મેટ્રોનો આવો જ એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં એક કપલ મેટ્રોમાં જ લિપ-લાક્ક કરવા લાગે છે અને આ વીડિયોને કારણે સોશિયલ મીડિયા પર જાત જાતની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર શેર કરવામાં આવેલા આ વીડિયોને હજારો લોકો જોઈ ચૂક્યા છે. જૅંજંદ્ઘક્રહજ૬ નામના ટ્વીટર હેન્ડલ પરથી આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે અને એમાં આવો દાવો કરવામાં આવ્યો છે કે આ વીડિયો આનંદ વિહાર દિલ્હી મેટ્રો સ્ટેશન નજીકનો છે. જોકે, સત્તાવાર રીતે આ વીડિયોની માહિતી સામે આવી રહી નથી.

વીડિયોમાં એવું જોવા મળી રહ્યું છે કે એક મેટ્રોમાં કપલ દરવાજા પાસે ઊભું છે અને એકબીજાને આલિંગન આપી રહ્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે કોચમાં ઘણા મુસાફરો પ્રવાસ કરી રહ્યા છે, પણ એની ચિંતા વિના આ કપલ પોતાની પ્રેમલીલામાં વ્યસ્ત છે અને કપલ જાહેરમાં લિપ-લોક કરવાનું શરૂ કરે છે.

## ચીનની વુહાન લેબમાં કામ કરતા વૈજ્ઞાનિકોનો દાવો

# કોરોનાની નવી લહેર આવશે જેમાં લાખો લોકો જીવ ગુમાવશે

બૈજીંગ,તા.૨૬

સમગ્ર વિશ્વ હવે કોરોનાને લઈને બેફિકર બન્યુ છે, દરેકને લાગે છે કે કોરોના રોગચાળો સમાપ્ત થઈ ગયો છે અને હવે તે પાછો ફરવાનો નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ ઘણા મહિનાઓ પહેલા રોગચાળાના અંતની જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં દરેક રીતે રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકો ફરીથી ડર વગર જીવવા લાગ્યા છે. પરંતુ ચીને આ વાતાવરણમાં તણાવ ઉભો કરવાનું કામ કર્યું છે. ચીનની વુહાન લેબમાં કામ કરતા વૈજ્ઞાનિક ઝી ઝેંગલીએ એક ખતરનાક અને ચિંતાજનક દાવો કર્યો છે. તેમના મતે, કોરોનાની વધુ એક ભયાનક લહેર દુનિયાને ત્રાટકી શકે છે. આ એટલી ખતરનાક સાબિત થઈ શકે છે કે લાખો લોકો પોતાનો જીવ ગુમાવી શકે છે. વાસ્તવમાં, શી ઝેંગલીએ એક અભ્યાસ કર્યો છે, જેના આધારે તે કહે છે કે કોવિડની બીજી લહેર આવવાની સંભાવના છે. એ અલગ વાત છે કે એ લહેર કયારે આવશે તેની તેમને પણ ખબર નથી.

# માણાવદરના થાનીયાળા અને શીલના દિવાસા ગામે જુગાર દરોડો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

માણાવદર પોલીસે ગઈકાલે થાનીયાળા ગામે જુગાર અંગે દરોડો પાડતા છ શખ્સોને રૂા.૫૪૩૦ના મુદ્દામાલ સાથે જાહેરમાં જુગાર રમતા ઝડપી લીધેલ છે. જયારે શીલ પોલીસે દિવાસા ગામમાં કુંડલી વાડી વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૨૫૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# કેનેડામાં ખાલીસ્તાની આતંકવાદીઓ હિન્દુઓને ખુલ્લેઆમ ધમકી આપી રહયા છે

નવી દિલ્હી તા. ૨૬

કેનેડામાં પોતાના વધતા પ્રભાવથી ઉત્સાહિત થઈને ખાલિસ્તાન તરફી ઉગ્રવાદીઓએ ત્યાંના લઘુમતી હિન્દુઓને ખુલ્લેઆમ ડરાવવાનું શરૂ કર્યું છે. આ ઉપરાંત મંદિરોને નુકસાન પહોંચાડવાના ઘણા કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. પરિસ્થિતિ પર નજીકથી નજર રાખતા એક વરિષ્ઠ સરકારી અધિકારીએ નામ નહી આપવાની વિનંતી કરતાં જણાવ્યું હતું કે, કેનેડામાં ભારતીય મિશન અને રાજદ્વારીઓની ભૌતિક સુરક્ષા માટે ખાલિસ્તાનીઓ દ્વારા ખુલ્લી ધમકીઓ એ ખૂબ જ ગંભીર ઘટના છે અને વિયેના સંમેલન હેઠળ કેનેડા માટે જોખમ છે અને 'જવાબદારીને પડકારે છે.' એવું લાગે છે કે માનવ અધિકારોને માપવા માટે અલગ-અલગ સ્કેલ છે. 'પંજાબમાં નાના મુદ્દાઓ પર પણ કેનેડિયન અવાજો ખૂબ જ મજબૂત છે, જ્યારે કેનેડા સ્થિત PKE દ્વારા ધાકધમકી, હિંસા, ડ્રગની હેરાફેરી અને છેડતી પર સંપૂર્ણ મૌન છે જે બંને દેશોને અસર કરી રહ્યું છે. આ મામલાથી વાકેફ લોકોએ જણાવ્યું હતું કે આજે ગુપ્તચર એજન્સીઓની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

## ફરજ પર હોવા છતાં ફાર્માસિસ્ટોનો પગાર રોકવાનો અન્યાયી નિર્ણય


# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ફાર્માસિસ્ટો દ્વારા વિરોધ

(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૨૬

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં ફરજ બજાવતા ફાર્માસિસ્ટોએ ૨૦૧૧ થી સોંપવામાં આવેલી વધારાની વેક્સિન કોલ્ડ ચેઈન હેન્ડલર તરીકેની કામગીરીનું ઈન્સેન્ટીવ રૂ. ૧૦,૦૦૦ ચૂકવવા સરકારમાં રજુઆત કરીને ક્રમશઃ વેક્સિનની વધારાની કામગીરીનો રાજ્ય એસોસિએશનના નેજા હેઠળ રાજ્ય વ્યાપી બહિષ્કારનું એલાન જાહેર કર્યું છે.

# ગિરનાર દરવાજે આવેલ છગન મામાની સોસાયટી ખાતે દુંદાળા દેવની સ્થાપના સાથે ઉજવણી

## ગુંદાળા દેવની સ્થાપન બાદ રોજે રોજ વિવિધ પ્રકારના છતાં ધાર્મિક આયોજનો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢના છગનમામા સોસાયટી ગ્રુપના ભાવેશભાઈ જેઠવાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ગિરનાર દરવાજા પાસે આવેલ છગનમામા સોસાયટીમાં છગનમામા સોસાયટી ગ્રુપ દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી આપણા આરાધ્યદેવ ગણપતિ દાદાનું સ્થાપન કરવામાં આવે છે અને રોજે રોજ વિવિધ પ્રકારના આયોજનો કરવામાં આવે છે. જેમાં ભગવાન સત્યનારાયણની કથા, ધૂન કીર્તન, દાંડિયા રાસોત્સવ, સમયાંતરે ૧૨૦ નાની નાની બાળાઓ દ્વારા દીવડાઓની મહાઆરતી, દાદાને ૫૬ ભોગ પ્રસાદ સહિતના સ્પર્ધાત્મક અને વકૃત્વ સ્પર્ધાનું ભવ્યથી અતિ ભવ્ય આયોજન કરી વિજેતાઓને પુરસ્કાર રૂપી શીલ્ડ, પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવે છે. આ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા ગ્રુપના સભ્યો લખનભાઈ ચાવડા, સાગરભાઈ ધનવાણી ગોપાલભાઈ જેઠવા, અલ્પેશભાઈ પુરબીયા, સોનુભાઈ ખીમચંદાણી સહિતના લોકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં છે તેમ યાદીના અંતે જણાવવામાં આવેલું છે.

# જૂનાગઢ ખાતે શિવમ્ ચક્ષુદાન-આરેણાના માધ્યમથી મકવાણા દંપતિના ચક્ષુદાન સંકલ્પપત્ર ભરાયા



જૂનાગઢ તા. ૨૬

સોમવારના રોજ ગરવા ગીરનારની ગોદ અને ભક્ત નરસૈયાની ભુમી એવા જૂનાગઢનાં મનુભાઈ ભોજાભાઈ મકવાણા (રિટાયર્ડ હે.પો. માસ્તર) અને તેમના ધર્મપત્ની શાંતાબેન મનુભાઈ મકવાણા બંને સિનિયર સિટીઝન દંપતિએ જુનાગઢ ખાતે સજોડે ચક્ષુદાનનું સંકલ્પપત્ર ભરેલ છે. આ દંપતિએ ચક્ષુદાન સંકલ્પપત્ર માટે શિવમ્ ચક્ષુદાન-આરેણાના સંચાલકનો સંપર્ક કરેલ હતો. આ તકે શિવમ્ ચક્ષુદાન ગૃપ આરેણાના પરેશભાઈ ઘેરવડાએ ચક્ષુદાનના સંકલ્પપત્રનો સ્વિકાર કર્યો હતો. આમ આજે બંન્ને દંપતિના ચક્ષુદાનના સંકલ્પપત્ર ભરાયા છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ કૃષિ યુનિ.માં ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીઅન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ તાલીમ પૂર્ણ થતા સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨૬

વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા ખાતર વિક્રેતાઓ માટે ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીઅન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ ની ૧૫ દિવસીય તાલીમની ૨૮મી બેચ સફળતા પુર્વક પૂર્ણ થઈ હતી.

આ તાલીમના સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ ડો.વી. પી. ચોવટીયા, માન. કુલપતિ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં સંશોધન નિયામક, ડો.આર. બી. માદરીયા સાહેબ, વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો.એન. બી. જાદવ , આચાર્ય અને ડીન ડો.એસ. જી.સાવલીયા અને ઓલ ઈન્ડિયા ઈનપુટ ડીલર્સ એસોસિયેશનના સેક્રેટરી અરવિંદભાઈ ટીંબડીયા ઉપસ્થિત રહયા હતા.

કુલપતિ ડો.વી. પી. ચોવટીયા એ આ પ્રસંગે ડીલરોને સંબોધન કરતા જણાવેલ કે, વધતી જતી વસ્તીને અનાજ પૂરૂ પાડવા માટે તથા જમીનની ફળદ્રુપતા જાળવવા રાસાયણિક ખાતર સાથે છાણીયું ખાતર આપવું ખુબ જરૂરી છે. રસાયણિક ખાતરો વિશેની સમજ અને તેને લગતા કાયદાઓ અંગેની તાલીમ લેવી ડીલરો માટે ખુબજ જરૂરી છે. આ તકે તમામ ઉતીર્ણ થયેલ તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એન.બી. જાદવે તમામ ડીલર્સને કૃષિ જ્ઞાન અને માહિતી માટેના સંદેશા વાહક તરીકે પોતાની ભૂમિકા ભજવવા ડીલર્સ મિત્રોને અનુરોધ કરેલ જેથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા મોકલાવેલ તમામ માહિતી છેવાડાના ખેડૂત સુધી સમયસર પહોંચાડી શકાય. વધુમાં તેઓએ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની એપ્લીકેશન **JAU iKrushiSanhita** નો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

સંશોધન નિયામક ડો.આર.બી.માદરીયાએ સુક્ષ્મ તત્વોના મહત્વ તથા જમીનના પૃથકરણ વિષે તમામને વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૮૯ ડીલર્સમિત્રોને ૧૫ દિવસીય તાલીમના સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહ વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ. સી. છોડવડીયા અને રીસર્ચ એસોસિયેટ એન. આર. કાવરે કર્યુ હતું.

# વેરાવળમાં રામદેવપીર મહારાજની જન્મ જયંતીની ભવ્ય ધ્વજારોહણ શોભાયાત્રા વાજતે ગાજતે યોજાઈ

## હેલો મારો સાંભળો હો રણુજાના રાજાના નાદ સાથે સાગરપૂત્ર ફાઉન્ડેશન ખારવા સમાજ દ્વારા નીકળેલ શોભાયાત્રાનું ઠેરઠેર સ્વાગત થયું

### ૫૦ થી વધારે ફલોટ્સ આકર્ષણનું કેન્દ્ર બની, શોભાયાત્રા બાદ ઝાલેશ્વર મંદિરે બાવન ગજની ધ્વજા ચડાવાઈ



(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૬

વેરાવળ ખારવા સમાજના ઈષ્ટદેવ અને રણુંજાના રાજા એવા રામદેવપીર મહારાજની જન્મજયંતીએ દર વર્ષે પરંપરાગત ધ્વજા શોભાયાત્રા વેરાવળમાં નીકળે છે. જેમાં રવિવાર રોજ સાગરપૂત્ર ફાઉન્ડેશન ખારવા સમાજના અધ્યક્ષ લખમભાઈ દામજીભાઈ ભેસલા, પટેલ દામજીભાઈ ફોફંડી, જગદીશભાઈ ફોફંડી, કિશનભાઈ, કિરીટભાઈ, ગોવિંદભાઈ, તુલસીભાઈ સહિતના નેજા હેઠળ ઘનશ્યામ પ્લોટ કામનાથ મંદિરેથી ૫૦થી વધારે ફ્લોટ્સ સાથે ધ્વજારોહણ શોભાયાત્રા નીકળી હતી. જેમાં ખારવા સમાજ સાગરપૂત્ર ફાઉન્ડેશનના પટેલ, આગેવાનો, પંચસભ્યો સહિત મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. અબીલ ગુલાલની છોળો વચ્ચે શોભાયાત્રા ત્રણ ડી.જે. સાથે નાચતા ગાતા હર્ષોલ્લાસથી ઘનશ્યામ પ્લોટથી, કૃષ્ણનગર, લાઈબ્રેરી, ટાવરચોક થઈ ઝાલેશ્વર મંદિરે વાજતે ગાજતે પહોંચી હતી. જ્યાં બાવનગજની ધ્વજા ચડાવવામાં આવી હતી. વેરાવળ નગરી રામદેવજી મયી બની હતી. આ તકે વિવિધ સમાજના પટેલો, રાજકીય બિનરાજકીય સંગઠનો, લોહાણા સમાજ, સિંધી સમાજ, ભોઈ સમાજ, મુસ્લિમ સમાજ, હાડી સમાજ સહિત વિવિધ સમાજો દ્વારા ઠેર ઠેર શોભાયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ, વેરાવળ સીટી પીઆઈ એસ.એમ ઈશરાણી તથા પોલીસ સ્ટાફ દ્વારા શહેરમાં ધ્વજાના માર્ગો પર રાઉન્ડ ધ પેટ્રોલિંગ અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી શોભાયાત્રા શાંતિપૂર્ણ રીતે નીકળી હતી.

# દર્દીની સુરક્ષા, સંભાળ અને ગુણવત્તા સભર સારવાર વોકહાર્ટ હોસ્પીટલનો મુખ્ય ધ્યેય

## વોકહાર્ટ હોસ્પીટલ્સ ગ્રૃપ દ્વારા 'દર્દી સુરક્ષા સપ્તાહ'ની ઉજવણી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૬



ભારતની પ્રખ્યાત સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલોની પ્રતિષ્ઠિત સાંકળ ધરાવતી વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા તેમની નાગપુર, રાજકોટ, મુંબઈ સેન્ટ્રલ (દક્ષિણ મુંબઈ) અને મીરા રોડ, મુંબઈ ખાતે આવેલ હોસ્પિટલમાં દર્દીને ઉચ્ચ ગુણવત્તા સભર સુવિધા પુરી પાડવા માટે પેશન્ટ સલામતી સપ્તાહનું આયોજન કરવામાં આવેલ. આ સપ્તાહ આયોજનનો મુખ્યઉદેશ્ય દર્દીની ઉચ્ચ ગુણવત્તા સભર સારવાર અને નિદાન સલામતી સાથે આપવાનો છે.વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા ડબલ્યુ, એચ.ઓ.એ આપેલ ઘણા ખરા મુદાઓ આવરી લેવામાં આવ્યા છે. જેમાં આ વર્ષનો વિશેષ વિષય છે " નુકશાન વિનાની સારવાર" . આ ૧૮ થી ૨૧ સપ્ટેમ્બર ચાલનારા ત્રણ દિવસીય પેશન્ટ સલામતી સપ્તાહનું ઉદઘાટન વોકહાર્ટ હોસ્પિટલસ ગ્રુપના મેનેજીંગ ડીરેકટર શ્રીમતીઝહાબીયા ખોરાકીવાલા દ્બારા કરવામાં આવેલ હતુ.તેમણે જણાવેલ હતુ કે રોગને અટકાવવો એ તેના ઈલાજ કરતા વધુ ફાયદા કારક છે.તથા અસુરક્ષિત આરોગ્યસંભાળ એ સમગ્ર આરોગ્યક્ષેત્ર માટે સૌથી નુકશાન કારક અને પડકારરૂપ પરિબળ છે.અમો ગુણવત્તાયુકત અને સલામત સંભાળ **365 x 24 x 7** પહોંચાડવામાં માનીએ છીએ. આ ચારદિવસ દરમ્યાન અવનવી પ્રવૃતિઓ તથા દર્દીની સલામતી માટેની રમત ગમત જેવી કે અગ્નિસામકની તાલીમ તથા સલામતી વિશેનુ માર્ગદર્શન અને તેના મુલ્યાંકન માટેનુ આયોજન કરેલ.આ ઉપરાંત સ્ટાફ,પેશન્ટ અને તેમના સગા માટે પ્રશ્નોતરી,સ્લોગન સ્પર્ધા તથા પેશન્ટ સલામતી માટેનો વિડીયો વગેરે કાર્યક્રમનુ આયોજન કરેલ.આ કાર્યક્રમમાં હોસ્પિટલના તમામ સ્ટાફે ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.વોકહાર્ટ હોસ્પિટલ ગ્રુપના ચીફ એકિઝકયુટીવ ઓફિસર ડો.પરાગ રિંદાણીએ જણાવ્યુ હતું કે, વોકહાર્ટ હોસ્પિટલમાં અમે દવાની સલામતી,સર્જીકલ સલામતીમાં દર્દીની સલામતી પ્રથાઓને સતત મજબુત કરવા માટે પ્રતિબધ્ધ છીએ. અમે અમારા સ્ટાફને તાલીમ આપવા માટે હંમેશા વ્યવસ્થાઓ કરીએ છીએ જેથી દર્દીઓને ગુણવત્તા સભર સારવાર મળી રહે. વોકહાર્ટ હોસ્પિટલ ગ્રુપના કિલનિકલ ડાયરેકટર તથા ચીફ ઓપરેટીંગ ઓફિસર ડો.કલાઈવ ફર્નાન્ડીઝે જણાવેલ હતું કે, પેશન્ટની સલામતી અમારો પ્રાથમિક ધ્યેય છે. દર્દીનું નિદાન અને સારવાર અમો દર્દીની સલામતીને ધ્યાનમાં રાખીને જ કરીએ છીએ.અમો આ પ્રકારના પેશન્ટ સલામતીના કાર્યક્રમો નિયમિત અને વારંવાર કરીએ છીએ જેથી સ્ટાફમાં પેશન્ટ સલામતી વિશે જાગૃતિ જળવાઈ રહે. વોકહાર્ટ હોસ્પિટલ એ નાગપુર, રાજકોટ, દક્ષિણ મુંબઈ અને ઉતર મુંબઈમાં સુવિધાઓ ધરાવતી તૃતીય સંભાળ સુપર–સ્પેશ્યાલિટી હોસ્પિટલોની સાંકળ છે. તમામ વોકહાર્ટ હોસ્પિટલમાં દર્દીની સંભાળ અને સલામતીને સક્ષમ કરવા માટે અતિ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર અને વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક પ્રક્રિયાઓ છે.વોકહાર્ટ હોસ્પિટલ લીમીટેડએ દેશના કેટલાક વ્યવસાયિક રીતે સંચાલીત કોર્પોરેટ હોસ્પિટલ જુથોમાનું એક છે જે તેની વ્યુહરચનાના મુળમાં દર્દીની સલામતી અને સંભાળની ગુણવત્તાને પ્રાથમીકતા આપે છે.

# લિલાવતી હોસ્પીટલના પ્રમોટર પરીવાર દ્વારા અમદાવાદમાં લીલાવતી ફાર્મસીનો પ્રારંભ, પાંચ વર્ષમાં ૫૦૦ સ્ટોર્સ શરૂ કરશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૬

પ્રસિદ્ધ લિલાવતી હોસ્પિટલના પ્રમોટર મહેતા પરિવાર ભારતમાં આરોગ્ય ક્ષેત્રે પરિવર્તનનું નવું મિશન હાથ ધર્યુ છે. આ પરિવાર દેશભરમાં 'લિલાવતી ફાર્મસી' ચેઈન સ્ટોર્સ સ્થાપવા ઉપરાંત ગાંધીનગર ગિફ્ટ સિટીમાં લીલાવતી હોસ્પિટલ સ્થાપવાની કામગીરી હાથ ધરી છે, જે હાલમાં પ્રગતિમાં છે. લિલાવતી ફાર્મસી પ્રોજેક્ટ જેમાં વિશ્વકક્ષાની વૈભવી ફાર્મસીઓ બનાવવાનો છે જેમાં દવાઓ અને સર્જીકલ તથા તબીબી સાધનની વ્યાપક શ્રેણી ઓફર ઉપલબ્ધ થશે, જેનું સંચાલન પ્રશાંત મહેતા, પ્રમોટર અને મેનેજિંગ ડિરેક્ટર કરી રહ્યા છે. લિલાવતી ફાર્મસી ચેઈન કોમ્યુનિટી મેમ્બર્સ માટે વેલનેસ પ્રોગ્રામ ઓફર કરનાર ભારતની એક માત્ર ફાર્મસી ચેઈન બની રહેશે. ગ્રાહકો ફાર્મસીમાં જ ડોકટરને કન્સલ્ટ કરી શકશે અને યોગ્ય સારવાર પણ મેળવી શકશે, જે ગુણવત્તા, સારવારની ઉપલબ્ધિ અને દર્દીલક્ષી સારવાર માટે મહત્વનું કેન્દ્ર બની રહેશે.

આ પ્રોજેક્ટ અંગે વાત કરતા પ્રશાંત મહેતાએ જણાવ્યું કે, "અમદાવાદની લિલાવતી ફાર્મસી આગામી પાંચ વર્ષમાં દેશભરમાં ૫૦૦ સ્ટોર્સ સ્થાપવાની એક મહત્વની મજલનું નોંધપાત્ર કદમ બની રહેશે. અમારૂ ધ્યેય વિશ્વસ્તરની આરોગ્ય સુવિધા ઉભી કરવાનું છે કે જયાં દરેક વ્યક્તિ આસાનીથી પહોંચીને પોસાય તેવા દરે નિષ્ણાંતો પાસેથી ઉત્તમ સારવાર મેળવી શકે."

# ગીર સોમનાથ અને દિવ ડિસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશન-ઈન્ટર ડિસ્ટ્રીકટ તાજાવાલા વન-ડે ટુર્નામેન્ટ સિલેકશન નેટનો કાર્યક્રમ જાહેર

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨૬

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન આયોજીત ઈન્ટર ડિસ્ટ્રીકટ તાજાવાલા વન-ડે ટ્રોફી માટે દિવ ડિસ્ટ્રીકટ અને ગીર સોમનાથની ટીમ માટેનાં સિલેકશન કાર્યક્રમ જાહેર થયો છે જેમાં ગીર સોમનાથ જીલ્લા માટે તા.૩૦/૧૦/૨૦૨૩ શનિવારના રોજ બપોરના ૨ કલાકે જૂનાગઢ સોમનાથ હાઈ-વે ડાભર રોડ, વેરાવળ મુકામે રાખવામાં આવેલ છે તેમજ દિવ ડિસ્ટ્રીકટ તા.૧/૧૧/૨૦૨૩ રવિવારના રોજ સવારના ૮:૩૦ વાગ્યે વણકબારા વડલીમતા ક્રિકેટ ગ્રાઉન્ડ દિવ મુકામે રાખવામાં આવેલ છે. જે ખેલાડીઓ સિલેકશન ટ્રાયલમાં આવવા માંગતા હોય તેઓએ પોતાની ક્રિકેટ કીટ સાથે ઉપરોકત સમય અને સ્થળે પહોંચી જવાનું રહેશે તેમ એકયાદીમાં જણાવેલ છે.

# પિતૃ તર્પણ માટે ભારતભરમાં જાણીતું સ્થળ એટલે કે સોવાર કાશી એકવાર પ્રાંચી

## મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા બાદ પાંડવો દ્વારા ક્ષેત્ર તીર્થ દરમ્યાન તેમના માથે લાગેલા ગોત્ર હત્યાના પાપ માંથી મુક્ત થવા અહીં વિધિ કરી દાન દક્ષિણ આપી હતી, ત્યારબાદ પાપ મુકત થયા હતા




(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૬

નાઘેર પંથકનુ કાશ્મીર ગણાતું પ્રાચી તીર્થ ક્ષેત્રે પ્રાચી તીર્થ માં ચાલી રહેલ ભાદરવા માસ દરમિયાન આવતાં યાત્રાળુઓને રહેવા માટે શ્રી કોળી સમાજ ભવન સહિત વિવિધ સમાજે બનાવેલી છે ધર્મશાળાઓ , હજારો માનવો જે પિતૃઓપેત રૂપે આ દિગંત આત્માઓના ઉદ્ધાર માટે સૌરાષ્ટ્ર થી લઈ ગુજરાત તથા ભારત ભરમાં મોક્ષ આપતા તીર્થો છે . જે મૃતકોને તેમના કર્મ દોષ થી મુક્તિ અપાવવા તીર્થોમાં જઈ તેમના પરિવારજનો દ્વારા વિવિધ વિધિ કરી દોષમુક્ત કરાય છે . સોમનાથ થી નજીક પ્રાચી તીર્થ મહાત્મય શાસ્ત્રોમાં વર્ણવેલ છે એટલે જ શ્રદ્ધાળુઓ ઘણી વખત બોલે છે સો વાર કાશી એકવાર પ્રાચી આ પ્રાચી તીર્થ માં નાના - મોટા મંદિરો ની સાથે વિધિ કરવાના સ્થાન છે આ તીર્થમાં આખા વર્ષ દરમિયાન જેમાં ચાર માસનું પૂનમ નું મહત્વ અનેરૂ છે જેમાં કાર્તિક પૂનમ ચૈત્રી પૂનમ શ્રાવણી પૂનમ અને ભાદરવી પૂનમ માં ખાસ પૂજા થાય છે અહીં શ્રદ્ધાળુઓ વર્ષ પર આવી તેમના કુળના દિગંવત આત્માં ના ઉદ્ધાર કરે છે કહેવાય છે કે મહાભારતના યુદ્ધ પૂર્ણ થયા બાદ પાંડવો સૌરાષ્ટ્ર ક્ષેત્રના તીર્થાટન દરમિયાન તેના માથે લાગેલા ગોત્ર હત્યાના તથા બધા પાપો માથે મુક્ત થવા અહીં વિધિ - વિધાન કરી દાન - દક્ષિણા આપી હતી ત્યારબાદ પાપમુક્ત થયા હતા એટલું જ નહીં આ સ્થળે હાલ પીપળાનું વૃક્ષ છે ત્યાં જ વિધિ કરેલ તે મોક્ષ પીપળો હાલ પણ પૂજનીય છે અને તેમના દ્વારા શ્રી માધવરાયજી પ્રભુ લક્ષ્મીજી સાથે પ્રાગટ્ય ત્યાજ નજીકમાં વેણી માધવ નામના વિષ્ણુ ભગવાન પ્રગટ થયા અને ધર્મરાજાને પ્રત્યક્ષ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા ત્યાં જે કોઈ મનુષ્ય જય સરસ્વતી કુંડમાં સ્નાન કરી પીપળે પાણી રેડી વેણી માધવ ના દર્શન કરે સે તે સર્વ પાપથી મુક્ત થઈ સારી રીતે યાત્રાધામના ફળને પામે છે તેથી પિતૃઓ નર્ક થી મુક્ત થઈ સ્વર્ગ લોકમાં જાય છે તે મંદિર સરસ્વતી નદીમાં વચ્ચે છે આ ક્ષેત્રમાં જે ભાવિક ભકતો નિસંતાન છે તેને અહીં નારાયણ બલી ની વિધિ કરાવવામાં આવે છે વિધિ બાદ ત્રિવેણી સ્થાને એક જ વસ્ત્ર થી સ્નાન કરી ભૂદેવોને ભોજન દાન આપી વિદ્વાનોના આશીર્વાદ થી તે નિસંતાન દોષ માંથી મુક્ત થઈ સંતાનપ્રાપ્તિ થાય છે કોઈ કાળે આ સ્થળે રાજા જન્મેજય તળાવમાં કાળાસાન્ડ સાથે સ્નાન કરતા તેને કાળો કોઢ નીકળેલો .આથી એણે આ પ્રાચી તીર્થ માં વિવિધ વિધિવત્ પૂજા સ્નાન દાન પુણ્ય બાદ તેનો કોઢ દૂર થયેલો . આથી ઘણા ક્ષેત્રે ને સાંઢ તીર્થ પણ કહે છે. આ તીર્થમાં જગતગુરુ શ્રી મંદ વલ્લભાચાર્યજી ની બેઠક પણ અહીં છે. પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના અનુયાયીઓ નુ પણ આ તીર્થ છે.આ તીર્થમાં સયાજીરાવ ગાયકવાડ ના દિવાન વિઠોબાજી દ્વારા બે મંદિર બાંધવામાં આવેલ છે જે આજે વિઠલેશ્વર તથા અર્જુનોર તરીકે ઓળખાય છે અને પૂજાય છે . પાંડવોના કાળમાં આ જ સ્થળે ધર્મરાજાની સાથે પૃથ્વી માતાએ વાદવિવાદ કરેલ આ પ્રાંચી તીર્થ નું નામ પ્રાચી કેમ પડ્યું ! તે બાબત જોઈએ તો હંમેશા સરસ્વતી નદીનું વર્તુળ હંમેશા સમુદ્ર તરફ જતું હોય છે . આથી જ તેને પશ્ચિમ કે દક્ષિણ દામિની કહે છે , પણ ક્યાંય પૂર્વમાં જતી નથી તેનું વહેણ પૂર્વમાં જતુંહોવાથી તેને પ્રાચી કહે છે . આ તીર્થ માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા પૂજ્ય કસ્તુરબા સદેહે જોડે યાત્રા કરી ગયેલ છે તેમજ તેમના દેહ વિલય પછી તેમના અસ્થિ વિસર્જન તથા શ્રાદ્ધ વિધિ આ તીર્થમાં કરવામાં આવેલ હતી . આ પ્રાચીન ગ્રંથમાં શ્રદ્ધાળુઓ ને રહેવા ઉતરવા ધર્મશાળાની વ્યવસ્થા છે . આ તીર્થ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ થી ૨૫ કિમી દૂર આવેલું છે . હાલ ચૈત્ર માસ નિમિત્તે પિતૃતર્પણ માટે દૂર દૂરથી યાત્રાળુઓ આવે છે અને પુણ્યનું ભાથું બાંધે છે..

**આ તીર્થનું નામ પ્રાચી કેમ પડ્યું ?**

પાંડવોના કાળમાં આ જ સ્થળે ધર્મરાજાની સાથે પૃથ્વી માતાએ વાદવિવાદ કર્યા હતા. આ પ્રાંચી તીર્થનું નામ પ્રાચી કેમ પડ્યું તે બાબતે જોઈતો હંમેશા સરસ્વતી નદીનું વહેણ હંમેશાં સમુદ્ર તરફ જતું હોય છે આથી જ તેને પશ્ચિમ કે દક્ષિણ દામીની કહે છે. પણ ક્યાંય પૂર્વમાં જતી નથી તેનું વહેણ પૂર્વમાં જતું હોવાથી તેને પ્રાચી કહે છે.

**પૂજ્ય બાપુ અને બા એ સોજો ડી કરી હતી પ્રાંચીન તીર્થોની યાત્રા**

આ તીર્થમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તથા પૂજ્ય કસ્તુરબા સહ જોડે યાત્રા કરી છે. તેમજ તેમના દેહ વિલય થયા પછી તેમના અસ્થિ વિસર્જન તથા શ્રાદ્ધ વિધિ અહીં કરવામાં આવી હતી.

**પાંડવો દ્વારા યુદ્ધ પૂર્ણ થયા બાદ પાપ મુક્ત થવા કરાઈ વિધિ**

મહાભારતનું યુદ્ધ પૂર્ણ થયા બાદ પાંડવો દ્વારા ક્ષેત્ર તીર્થ દરમિયાન તેમના માથે લાગેલા ગોત્ર હત્યાના પાપ માંથી મુક્ત થવા અહીં વિધિ કરી હતી અને દાન દક્ષિણા આપી હતી ત્યારબાદ પાપ મુકત થયા હોવાની લોકવાયકા છે.

**પીપળે પાણી રેડી વેણી માધવના દર્શન કરે, તે સર્વ પાપ માંથી મુક્ત પામે**

અહીં હાલ પીપળાનું વૃક્ષ છે ત્યાં જ વિધિ કરાય છે. તે મોક્ષ પીપળો હાલ પુજનીય છે અને તેમના દ્વારા શ્રી માધવરાયજી પ્રભુ લક્ષ્મીજી સાથે પ્રાગટ્ય ત્યાજ નજીકમાં જ વેણી માધવ નામના વિષ્ણુ ભગવાન પ્રગટ થયા અને ધર્મરાજાને પ્રત્યક્ષ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યા ત્યાં જે કોઈ મનુષ્ય સરસ્વતી કુંડમાં સ્નાન કરી પીપળે પાણી રેડી વેણી માધવ ના દર્શન કરે છે. તે સર્વ પાપથી મુક્ત થઈ સારી રીતે યાત્રાધામના ફળને પામે છે જેથી પિતૃઓ નર્કથી મુકત થઈ સ્વર્ગલોકમાં જાયછે તે મંદિર પૂર્વ વાહિની સરસ્વતીની ના જાંબુડા ઝાડ વચ્ચે છે.

**તસ્વીર-અહેવાલ જાદવભાઈ ચુડાસમા, પ્રાચી તીર્થ)**

# ઉના ખાતે સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૬

ઉના તાલુકા બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ અને સમસ્ત બ્રહ્મ સમાજ-ઉનાનાં સંયુક્ત ઉપક્રમે સરસ્વતી સમ્માન સમારોહ-૨૦૨૩ 'કેસરબાગ રંગમંચ'પર ખૂબ આનંદ ઉલ્લાસપૂર્વક આયોજિત થઈ ગયો જેમા બ્રહ્મ સમાજના વિદ્યાર્થીભાઈ ભગિનીઓ અને વિશેષ સિદ્ધિ પ્રાપ્ત પ્રતિભાને પુરસ્કાર પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સત્કાર સમ્માનિત કરવામાં આવ્યા હતા. જેમા બ્રહ્મ સમાજનું ગૌરવ વધારનાર વિશ્વ ફલક પર "નાદ બ્રહ્મ"થી પોતાના ગિટાર વાદન અને ગાયનથી અભિભૂત કરી પોતાની આગવી ઓળખ ઊભી કરનાર ઉનાના યુવા કલાકાર ક્રિષ્નન મહેતા તથા મૃગનયની મહેતાને "ઈન્ડયા વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર" ને રોકડ પુરસ્કાર અર્પણ કરી સમ્માનિત કરવામા આવ્યા હતા.

આ ઉપરાંત અભ્યાસની શ્રેણીઅંતર્ગત ઉચ્ચ ગુણાંકપ્રાપ્ત કરી બ્રહ્મ સમાજનું ગૌરવ વધારવા બદલ ઉના તાલુકા બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ અને સમસ્ત બ્રહ્મ સમાજ-ઉના દ્વારા ક્રિષ્નન મહેતા. નં **B.Ed** મા ૮૯% ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ તેમજ મૃગનયની કમલેશકુમાર મહેતા **S.Y. B.A** સેમ ૪માં ૭૭% સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે "સરસ્વતી સમ્માન-૨૦૨૩"થી સમ્માનિત કરવામા આવ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# મહિલા અનામત બીલ મોદી સરકારનું ઐતિહાસીક પગલું

છેવટે લોકસભા અને રાજયસભામાં સર્વસંમતિથી મહિલા અનામત બિલ પાસ થઈ ગયું. આજે મહિલાઓ જીવનના દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે અને છાપછોડી રહી છે, નવા-નવા ક્ષેત્રોમાં પોતાની મજબૂત ઉપસ્થિતિ નોંધાવી રહી છે, પંરતુ રાજનીતિ જ એકમાત્ર એવું ક્ષેત્ર છે, જ્યાં તેમના માટે દરવાજા સુનિયોજિત રીતે બંધ હતા. કહેવાતું હતું કે મહિલાઓમાં ચૂંટણી જીતવાની ક્ષમતા નથી. પણ હવે તેમને પોતાનો હક્ક મળી ગયો છે, જેનો ફાયદો આવનારા સમયમાં મળશે.

રાજકારણમાં મહિલાઓની ભાગીદારી નક્કી કરવાની શરૂઆત રાજીવ ગાંધીએ કરી હતી, જ્યારે સ્થાનિક નિગમોની ચૂંટણીમાં તેમની સરકારે એક તૃતિયાંશ સીટો અનામત રાખવાની વાત કરી હતી, પરંતુ તે વિધેયક ખબર નહીં તેમના વડાપ્રધાનકાળમાં ભારે બહુમતી છતાં પસાર ન થઈ શક્યું, કારણ કે રાજ્યોએ તેનો આકરો વિરોધ કર્યો હતો. બાદમાં નરસિંહા રાવના કાર્યકાળમાં તે પસાર થઈ શક્યું. તેમાં સ્થાનિક નિગમોની ચૂંટણીમાં મહિલાઓ માટે ૩૩ ટકા સીટો અનામત રાખવામાં આવી. બિહાર જેવાં રાજયોએ મહિલાઓ માટે ૫૦ ટકા સીટો અનામત કરી દીધી. તેને કારણે જમીની સ્ત પર આજે એવી મહિલાઓનો મોટો વર્ગ છે, જેમને પંચાયત ચલાવવાનો રાજકીય અનુભવ છે. મહિલાઓ આજે પોતાના દમ-ખમથી બહેતર રીતે પંચાયતોનું સંચાલન કરી રહી છે. કેટલાય અધ્યયનોથી ખબર પડે છે કે જ્યાં મહિલાઓ પંચાયતમાં મુખી કે સરપંચ રહી છે, તેમણે બુનિયાદી મુદ્દા- શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરેને મહત્ત્વ આપ્યું છે. રાજકીય રૂપે જાગૃત એ મહિલાઓના વિશાળ સમૂહને હવે પંચાયતથી ઉપર રાજ્ય વિધાનસભાઓ અને લોકસભામાં પ્રતિનિધિત્વ કરવાનો અવસર મળશે. મહિલાઓનું પ્રતિનિધિત્વ વધશે, તો કાયદો પણ મહિલા સંવેદનશીલ બનશે અને નીતિ-નિર્માણમાં તેમની ભૂમિકા વધશે.

૧૯૯૬માં જ્યારે પહેલી વાર એચડી દેવગૌડા સરકારે લોકસભામાં તેને રજૂ કર્યું હતું ત્યારે વિભિન્ન પાર્ટીઓના કેટલાક વરિષ્ઠ લોકો સાંસદોને સદનમાં જવાથી રોકી રહ્યા હતા, કારણ કે તેઓ ઈચ્છતા હતા કે સદનનું કોરમ જ પૂરું ન થાય. દરેક પાર્ટીની અંદર તેને લઈને પ્રતિરોધ હતો, ભલે બહાર તેમનું જે વલણ હોય તે. પુરુષ નેતાઓએ પોતાની સીટો ગુમાવવાનો ભય હતો. પછી અટલ બિહારી વાજપેયીના સમયમાં પણ તેને રજૂ કરવામાં આવ્યું, પરંતુ પસાર ન થઈ શક્યું. ત્યારબાદ ડો. મનમોહન સિંહના સમયમાં ૨૦૦૮માં રાજ્યસભામાં તેને રજૂ કરવામાં આવ્યું હતું, પછી તેને સ્ટેન્ડિંગ કમિટી પાસે મોકલી દેવામાં આવ્યું હતું. અંતે ૨૦૧૦માં રાજ્યસભામાં તે પસાર થઈ શક્યું. પરંતુ એજ કોંગ્રેસ તેને લોકસભામાં પસાર ન કરાવી શકી, કારણ કે તેના જ ગઠબંધનના સહયોગીઓ- લાલુ યાદવ અને મુલાયમ સિંહ યાદવના વિરોધ સામે ઝૂકી ગઈ અને સરકાર બચાવવા માટે બિલને પડતું મૂક્યું.

જે બિલ પસાર થયું છે તે નવું છે, જોકે મનમોહન સિંહ સરકાર દ્વારા લાવવામાં આવેલ વિધેયકથી આ બહુ અલગ નથી. નવા બિલમાં માત્ર એંગ્લો-ઈન્ડિયન સમુદાય માટે અનામતથી સંબંધિત જોગવાઈ હટાવી દેવામાં આવી છે. તેમાં લોકસભા, દિલ્હી વિધાનસભા અને તમામ રાજયોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતિયાંશ સીટોના અનામતની જોગવાઈ છે. આ જ એક તૃતિયાંશ સીટોમાંથી એક તૃતિયાંશ સીટો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે અનામત છે. રાજયસભા અને વિધાન પરિષદોમાં મહિલાઓને અનામતની જોગવાઈ નથી. જે કોંગ્રેસ પોતાના વિધેયકમાં કોટામાં ઓબીસી કોટા નહોતી લાવી તે હવે કોટાની અંદર કોટાની માંગ કરી રહી છે. પરંતુ તેનો બહુ વિરોધ નહીં થાય. જેમ કે નીતિશ કુમાર મહિલાઓના મતોને કારણે ગઈ વખતે જીત્યા હતા. એવામાં તેઓ પણ આ વિધેયકનો વિરોધ કરીને મહિલાઓની નારાજગી વ્હોરવા નહોતા માંગતા. તેજસ્વી યાદવ પણ પોતાના પિતા લાલુ યાદવના સ્ટેન્ડ પર અડગ ન રહ્યા. બીજી પાર્ટીઓએ પણ ઝાઝો વિરોધ ન કર્યો, કારણ કે એવું કર્યું હોત તો તમામ શ્રેય નરેન્દ્ર મોદી લઈ જતા, તેથી કમને પણ સમર્થન કર્યું અને શ્રેય લેવાની હોડમાં સામેલ થયા. એમ પણ પાછલાં કેટલાંક વર્ષોથી જોવા મળ્યું છે કે મતદાનમાં મહિલાઓ ઉલટભેર ભાગ લઈ રહી છે અને પુરુષોના મુકાબલે રાજકીય રૂપે વધુ જાગૃત છે.

આ વિધેયક જોકે પરિસીમન બાદ લાગુ થઈ શકશે, જે સંભવતઃ ૨૦૨૭માં થશે. પરિણામે પસાર થયા બાદ પણ હવે આ કાયદો ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં લાગુ થઈ શકશે. તેથી હાલમાં તો તેને પ્રતીકાત્મક જ કહી શકાય. તે ઉપરાંત પરિસીમન કાયદા માટે એક અલગ વિધેયક કે વટહૂકમની જરૂર પડશે. બેશક આ વિધેયક લાવવામાં વિવિધ પાર્ટીઓનું યોગદાન છે, પરંતુ અંતે જીતનારને જ સિકંદર માની શકાય. એમ નરેન્દ્ર મોદી અને ભાજપને તેનું શ્રેય ચોક્કસ મળવું જોઈએ અને તેને આ બિલનો ચૂંટણી લાભ પણ મળશે. પરંતુ તરત લાગુ નહિ થવાને કારણે આવનારી ૨૦૨૪ની ચૂંટણી પર તેની શી અસર પડે છે, તે જોવાની વાત હશે.

એકંદરે, આ મોદી સરકારનું ઐતિહાસિક પગલું છે. આ કાયદો બની જવાથી ન માત્ર શહેરી મહિલાઓ, પરંતુ ગ્રામીણ મહિલાઓ પણ ઉત્સાહિત થઈ શકે છે. તેનાથી દેશનો રાજકીય ચહેરો બદલાઈ જશે, સાથે જ સમાજ પણ બહુ જ પ્રભાવિત થશે. ઘણા લોકો માને છે કે આ સદી મહિલાઓની રહેશે, ખાસ કરીને યુવા મહત્ત્વાકાંક્ષી મહિલાઓની. ભારતની મહિલાઓ ઝડપથી આગળ વધીને દેશ નિર્માણમાં ભૂમિકા નિભાવી રહી છે.

## ઉનાના નગરજનોને રમત- ગમત ક્ષેત્રેની વધુ એક ભેટ

# ૧.૬૨ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું નિર્માણ થશે, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે ખાતમુહૂર્ત સંપન્ન





(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૬

ઉનાના સક્રિય અને કાર્યશીલ ધારાસભ્ય નગરજનોને રમત- ગમત ક્ષેત્રોની વધુ એક ભેટ આપતા રૂા.૧.૬૨ કરોડના ખર્ચે નિર્માણ થનાર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ નું ખાતમુહૂર્ત વિધિ ધારાસભ્યશ્રી કે. સી.રાઠોડનાં વરદ હસ્તે સંપન્ન થયેલ હતી. ઉના શહેરની મધ્યમાં ગીરગઢડા રોડ ઉપર ઉમિયાધામ પાછળ એમ. કે. પાર્કમાં આકાર લેનાર આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં ઈન્ડોર ગેમ્સમાં ટેબલ ટેનિસ, કેરમ તથા ચેસ જેવી રમતો તથા આઉટ ગેમ્સમાં બાસ્કેટ બોલ, વોલીબોલ, ટેનીસ જેવી રમતો માટેની સુવિધા ઉપલબ્ધ થનાર છે તે સિવાય આ સ્પોર્ટ કોમ્પ્લેક્સમાં કસરતના અધ્યતન સાધનો સાથેનું જીમ તથા તેમજ બાળકો માટેના રમત-ગમતના સાધનો સાથેનો ભવ્ય ગાર્ડનનું પણ નિર્માણ થનાર છે. આ ખાતમુહૂર્ત સમારોહમાં નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, ઉપપ્રમુખના પ્રતિનિધિ મયંકભાઈ જોષી, કારોબારી ચેરમેન ધીરૂભાઈ છગ, શહેર ભાજપા પ્રમુખ મિતેશભાઈ શાહ, તાલુકા ભાજપના પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, શહેર મહામંત્રી કાંતિભાઈ છગ, સુનિલભાઈ મુલચંદાણી, તાલુકા મહામંત્રી વિજાભાઈ સોચા, તાલુકા પંચાયત પ્રમુખ એભાભાઈ મકવાણા, ચીફ ઓફીસર એન. એમ. ચૌહાણ, નગરપાલિકાના શાસક પક્ષના નેતા રાજુભારથી ગોસ્વામી, દંડક હંસાબેન પાનસુરીયા તથા નગરસેવકો તથા નગરજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૬

ઉનાપોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિ બેઠક યોજવામાં આવી હતી. જેમાં હિંદુ-મુસ્લિમ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. બંને તહેવાર એક દિવસે હોય જેને લઈને આ શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી હતી. ગણેશ વિસર્જન અને ઈદ- મિલાદનનો તહેવાર ખૂબ શાંતિપૂર્વક ઉજવાઈ જાય કાયદો વ્યવસ્થા જળવાઈ રહેતે દિશામાં પોલીસે માર્ગદર્શન આપ્યું હતું. જયારે ગણેશ વિસર્જન અને ઈદ-મિલાદનનો તહેવાર એક જ દિવસે હોય જેને લઈને પોલીસે તે દિશામાં સૂચન કર્યા હતા. જેમાં મુસ્લિમ બિરાદરોનું જુલુસ સવારે નીકળશે જયારે ગણપતિ વિસર્જન આશરે ત્યારબાદ એક કલાકે અડધો કલાકનો ગેપ રાખી ત્યારબાદ નીકળશે તેવું આ શાંતિ સમિતિની બેઠકમાં બંને સમાજના આગેવાનો વચ્ચે નક્કી

## ગણેશ વિસર્જન અને ઈદ-એ-મિલાદનના આ તહેવારોને લઈને પોલીસે સૂચન કર્યું

થયું હતું. જેમાં આ શાંતિ સમિતિની બેઠકમાં હિન્દુ સમાજના આગેવાનોમાં નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, નગર સેવક અલ્પેશભાઈ બાભણીયા, પાલિકાના પૂર્વ પ્રમુખ ચંદ્રેશભાઈ જોશી, પ્રકાશભાઈ ટાક, વિનોદભાઈ બાભણીયા, મનોજભાઈ બાભણીયા, હિન્દુ યુવા સંગઠનના હોદ્દેદારો હાજર રહ્યા હતા. મુસ્લિમ સમાજના આગેવાનોમાં ઈલ્યાસભાઈ હોરા, સાજીદભાઈ મીડિયા, ફકીર સમાજના પ્રમુખ પીરે તરીકત હસનેનબાપુ સહિતના હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહી અને આ મીટીંગ પૂર્ણ કરવામાં આવી હતી.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રભાસ પાટણ ખાતે ગણપતિ ઉત્સવની ભવ્ય ઉજવણી

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૬



શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રભાસ પાટણ ખાતે ગણપતિ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ અંગે માહિતી આપતા સંસ્થાના સંચાલક ભક્તિપ્રકાશદાસજી તથા સ્વામી ધર્મકિશોરદાસજીએ જણાવેલ કે છેલ્લા બે દાયકાથી દર વર્ષે ગણેશચતુર્થીના દિવસે ગણપતિ સ્થાપના કરવામાં આવે છે. તેવી જ રીતે આ વર્ષે પણ ગણેશચતુર્થીના દિવસે ગણપતિદાદાની પ્રતિમાની સ્થાપના કરવામાં આવેલ અને ત્યારબાદ ગણેજીની આરાધના, મંત્રજાપ, ગરબા જેવા અવનવા ધાર્મિક કાર્યક્રમો પણ આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં સંસ્થામાં ચાલતા પ્રાથમિક શાળા, હાઈસ્કુલ, ઉચ્ચતર માધ્યમિક શાળા તથા બી.એડ કોલેજના વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓએ તથા તમામ વિભાગના સ્ટાફ મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગઈકાલે છઠા દિવસે ગણપતિની મૂર્તિ પ્રતિમા શોભાયાત્રા કાઢીને ત્રિવેણી મહાસંગમખાતે વિસર્જન કરવામાં આવ્યુંહતું.

આ ગણપતિ મહોત્સવની છેલ્લા દિવસે બી.એડ કોલેજ ડીન પુંજાભાઈ છાત્રોડીયાએ આરતી ઉતારીને બી. એડ કોલેજના વિદ્યાર્થીઓને ધાર્મિકથી આધ્યાત્મિકતા તરફ લઈ જવાનો સંદેશો આપ્યો હતો અને આ સમગ્ર ગણપતિ મહોત્સવના આયોજક દર્શકભાઈ તળાવીયા, હેતભાઈ પાનસુરીયા અને તેમની ટીમે નરેશભાઈ ગુંદરણીયાના માર્ગદર્શન હેઠળ ગણપતિ મહોત્સવની ઉજવણી સફળ બનાવી હતી.

# વીજચોરો સામે તંત્રની લાલ આંખ વેરાવળમાં પીજીવીસીએલના વ્યાપક દરોડા

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૬

વેરાવળમાં વીજ ઈન્સ્ટોલેશન ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વેરાવળ વિભાગીય કચેરી હેઠળના સુત્રાપાડા તાલુકાની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૩૮ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ દરમ્યાન રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૪૫૧ જેટલા વીજ જોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૧૦૬ વીજ જોડાણોમાં જુદા જુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂા.૨૮.૯૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા.

આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે. પીજીવીસીએલની આ કામગીરીને લીધે વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. વીજ ચેકીંગ ડ્રાઈવનું માર્ગદર્શન બી.ડી.પરમાર અધીક્ષક ઈજનેર જૂનાગઢ તેમજ વી.એન. કગથરા કાર્યપાલક ઈજનેર વેરાવળ તેમજ જે.જે. કાચા નાયબ ઈજનેર વેરાવળ દ્વારા પુરૂ પાડયું હતું.

# રૂા.૨૩ હજારનો ખોવાયેલ મોબાઈલ શોધી આપતી નવાબંદર પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૬

ઉનાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં એક અરજદારે તેમનો કિંમતી મોબાઈલ ફોન પડી ગયેલ હતો અને ખોવાઈ ગયાની અરજી આપેલ હતી. જે અંગે પી.એસ. આઈ.વોરા, એ.એસ આઈ. હસમુખભાઈ અને નીતુભા અને હેડ કોન્સ્ટેબલ બાંભણિયા અને પોલીસ કોન્સ્ટેબલ ભિખુસા બચુસાએ ટેકનિકલ મદદથી શોધી કાઢી મૂળ માલિકની ખરાઈ કરી રૂા.૨૩૦૦૦/ની કિંમતનો મોબાઈલ પરત આપી કામગીરી કરી હતી.

# કેશોદ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન તથા પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટરના સંકલનથી ઘરેલું હિંસાથી પીડિત મહિલાનુ સુખદ સમાધાન

જૂનાગઢ, તા.૨૬

કેશોદ તાલુકામા બે વર્ષથી પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપતાં હોવાથી મહિલાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી મદદ માંગી હતી. જેના પગલે કેશોદ ૧૮૧ ટીમના કાઉન્સેલર ડાયબેન માવદીયા તુરંત ઘટના સ્થળે દોડી ગયા હતા. સ્થળ પર પહોંચી મહિલાનુ કાઉન્સેલીંગ કરતા મહિલાએ જણાવ્યું હતું કે, એમના પતિ નશાકારક દ્રવ્ય સેવન કરીને શારીરિક અને માનસિક ત્રાસ આપી મહિલાના પિયર જવા મજબુર કરતા સમાજના આગેવાનો દ્વારા સમાધાન કર્યું હતું. પરંતુ પતિ હેરાનગતિ કરવા માંગતો હતો. તેથી મહિલાએ કંટાળીને ૧૮૧ ટીમની મદદ લેવી જરૂરી બની તેથી કાઉન્સેલીંગ કરી સમજાવ્યા હતાં. પરંતુ મહિલાના પતિ સમજવા તૈયાર ના હોયને મહિલાને રાખવા માંગતા ન હોય તેથી મહિલાને કેશોદ પોલીસ સ્ટેશન બેઈડઝ્ સપોર્ટ સેન્ટર ખાતે અરજી કરાવી તાત્કાલિક ધોરણે મહિલાના પતિને બોલાવી તેમના બાળકોના ભવિષ્ય અંગે સમજણ આપી હતી. ત્યારે મહિલાના પતિને મગજમાં વાત બેસી હતી અને પોતાની ભૂલ સ્વીકારી હતી અને મહિલાને રાજી ખુશીથી સમાધાન કરી સાથે નવુ જીવનની શરૂઆત કરી હતી. આમ, ૧૮૧ અભયમ ટીમ અને કેશોદ પોલીસ સ્ટેશન બેઈઝડ્ સપોર્ટ સેન્ટરના સંકલનથી મહિલા અને તેના પતિનુ સુખઃદ સમાધાન કરાવ્યુ હતું.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જેનું મન મજબુત હોય તે બધું જ કરી શકે છે.

- ગોથે

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા સુદ-૧૨ પરિવર્તની એકાદશી (ભાગવત-વૈષ્ણવ), ભગવાન શ્રી વામન જન્મોત્સવ, પંચક (રાત્રે ૮:૨૯ ક.થી શરૂ) તા.૨૬ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૦, શ્રવણ નક્ષત્ર, સુકર્મા યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૪૧, સૂ.અ.૬:૪૩

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), રાત્રે ૮:૨૫ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાદ-વિવાદમાં ન ઉતરવું.
વૃષભ : વિશેષ કાર્યબોજને કારણે માનસિક અસ્વસ્થતા રહે. પ્રવાસમાં લાભ.
મિથુન : વ્યવસાયના કારણે વ્યર્થ દોડા-દોડી થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કર્ક : મનની મુરાદ બર ન આવે. મહત્વના કાર્યમાં વિઘ્ન આવે.
સિંહ : પ્રિયજન સાથે મુલાકાતમાં સફળતા મળે. કઠિન કાર્યો સરળ બને.
કન્યા : દરેક પ્રકારના કાર્યમાં સફળતા મળે. સ્વજનથી મુલાકાત થાય.
તુલા : વ્યર્થ ચિંતા રહે. મહત્વના કાર્યમાં પ્રતિકૂળતા આવે.
વૃશ્ચિક : આર્થિક ચિંતા રહે. માનસિક અસ્વસ્થતા રહે. કાર્યભાર વધે.
ધન : પડવા-વાગવાથી સંભાળવું. અપયશના ભોગ બનવાનો પ્રસંગ જણાય.
મકર : સંતાનથી લાભ મળે. તમારા પ્રયત્નો ફળતા જણાય.
કુંભ : ધીરજની કસોટી થાય. મનમાં અશાંતિ રહે.
મીન : મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. કાર્યબોજ વિશેષ રહે.

# વિઘ્નોના નાશ અર્થે બ્રહ્માજીએ કરેલી શ્રી ગણપતિજીની ઉપાસના

એકવાર સૃષ્ટિનાં રચયિતા શ્રી બ્રહ્માજીનાં કાર્યોમાં સતત વિઘ્નો ઉત્પન્ન થતાં. તેનું કારણ તેમને એવું અભિમાન થઇ આવ્યું હતું કે, ગમે તેમ પણ મારા જેવો કોઇ મહાન નહીં. હું સૃષ્ટિની રચના કરું છું. એ સૃષ્ટિ કેવી અલૌકિક થાય છે. જો હું ન હોત તો આ સૃષ્ટિની રચના કઇ રીતે થઇ શકત? આમ તે, મનોમન વિચાર કરી રહ્યાં હતા. આ પ્રમાણે અભિમાન ઉત્પન્ન થતાં જ તેમનાં દરેક કાર્યોમાં વિઘ્નો ઉત્પન્ન થવા લાગ્યા.



આ વિઘ્નોનો સામનો કરી કરી અને આખરે બ્રહ્માજી વ્યથિત થઇ ગયા. વ્યથિત થયેલા બ્રહ્માજીને વિઘ્નોમાંથી મુક્ત થવાનો કોઇ માર્ગ જ દેખાતો ન હતો. આખરે તેમણે વિઘ્નોનાં નાશ અર્થે શ્રી ગણપતિજીની એકદંત સ્વરૂપ ઉપાસના શરૂ કરી. તેમણે ઉગ્ર સાધના શરૂ કરી એટલે વિઘ્નોનાં હર્તા એવા શ્રી ગણેશજી બ્રહ્માજીની આ સાધનાથી પ્રસન્ન થયા અને સાક્ષાત પ્રગટ થયા.

શ્રી ગણપતિજી પ્રગટ થયા તેથી બ્રહ્માજીને મનમાં શાંતિ વળી. તેમની સામે હાથ જોડી અને બ્રહ્માજીએ ખરા અંતઃકરણ પૂર્વક સ્તૂતિ કરી. ત્યારે ગણપતિજીએ પોતાની ઉપાસના કરવાનું કારણ બ્રહ્માજીને કહ્યું. ''હે બ્રહ્માજી સૃષ્ટિનાં રચયિતા એવા તમે મને શા માટે યાદ કરી રહ્યાં છો. જો તમને કંઇક મદદરૂપ થઇ શકતો હોઉ તો તે માટે હું તૈયાર છું. તમે કૃપા કરીને મને તમારા સંકટનું કારણ જણાવો.''

ત્યારે બ્રહ્માજી બોલ્યા, ''હે પાર્વતિ નંદન, એકદન્ત ધારી વિઘ્ન હર્તા, સૌનું મંગલ કરતાં શ્રી ગણપતિજી, છેલ્લા કેટલાક સમયથી હું વિવિધ પ્રકારનાં વિઘ્નોમાં ફસાયેલો રહું છું. આ વિઘ્નોએ મારી પરિસ્થિતિ બધી જ રીતે બગાડી નાખી છે. વિઘ્નોને કારણે હું કોઇ કાર્ય સરળતા પૂર્વક નથી કરી શકતો. એટલું જ નહીં આ વિઘ્નોને લીધે હું અશાંતિ વડે ચો તરફથી એવો ઘેરાઇ ગયો છું કે મને શાંતિ માટેનો કોઇ માર્ગ દ્રશ્યમાન નથી થતો. એક વિઘ્નમાંથી મુક્ત થાંઉ ત્યારે બીજા ચાર વિઘ્નો મારા માટે તૈયાર ઊભા હોય છે. આ વિઘ્નોને લીધે ત્રસ્ત હોઇ તેને કારણે હું બીજાઓને પણ સારા વર્તનથી રાજી નથી કરી શકતો. વિઘ્નોમાંથી મુક્ત થવા માટે જ તમારી સાધના કરેલી. જુઓ, હું જાણું છું કે આખાય જગતનું વિઘ્નો દૂર કરવા માટે આપ અને માત્ર આપ જ શક્તિમાન છો. માટે જ હું તમારી શરણે આવ્યો છું.

બ્રહ્માજીની વાતોથી પ્રસન્ન થયેલા શ્રી ગણપતિજીએ બ્રહ્માજીને વરદાન આપતાં કહ્યું, ''હે બ્રહ્માજી તમેતો સૃષ્ટિ કર્તા છો. તમારા કાર્યોમાં વિઘ્ન આવે તો કેમ ચાલે ? માટે આજથી તમને કોઇ વિઘ્ન નહીં નડે તેવું હું વચન આપું છું. માટે તમે તમારા કાર્યોમાં ફરી પ્રવૃત્ત થાવ અને વિઘ્નોથી મુક્ત રહો તેવું મારું વરદાન છે.''

આ પ્રમાણે શ્રી ગણપતિજી મહારાજને પ્રસન્ન કરી અને પોતાના વિઘ્નો દૂર કરી બ્રહ્માજીએ રાહતનો અનુભવ કરેલો. આ જગતનાં કર્તા જો પોતાનાં વિઘ્નોનાં નાશ માટે શ્રી ગણપતિજીની ભક્તિ કરે તો જગતનાં લોકોએ પણ વિઘ્નોનાં નાશ માટે વિઘ્ન હર્તા શ્રી ગણપતિજીનું ભક્તિપૂર્વક પૂજન-અર્ચન વગેરે કરવા જોઇએ.

મંગલ વાતાવરણ રહે તે માટે શ્રી ગણપતિજીની પ્રાર્થના

ગણપતિ વિઘ્ન રાજો લમ્બતુન્ડો ગજાનનઃ,
દ્વૈમાતુરશ્ચ હેરમ્બ એકદન્તો ગણાધિપઃ
વિનાયક શ્ચારુકર્ણઃ પશુપાલો ભવાત્મજઃ,
દ્વાદશૈતાનિ નામાનિ પ્રાતરુત્થાય યઃ પડેત્.
વિશ્વં તસ્ય ભવેદ્વશ્યં ન ચ વિઘ્નં ભવત્ કૃચિત્.

અર્થ : હે ગણપતિ, વિઘ્નરાજ, લમ્બતુંડ, ગજાનન, દ્વૈમાતુર, હરેમ્બ, એકદન્ત, ગણાધિપ, વિનાયક, ચારુકર્ણ, પશુપાલ અને ભાવાત્મજ આ શ્રી ગણપતિજીના નામ છે. જે કોઈ શ્રધ્ધા સાથે પ્રાતઃકાળે ઉઠીને તેનો પાઠ કરે છે, સંપૂર્ણ વિશ્વ તેના વશમાં થઇ જાય છે અને તેને કદાપિ વિઘ્નનો સામનો નથી કરવો પડતો.

નોંધ : વિઘ્નહર્તા શ્રી ગણપતિજી સામે દિવો-અગરબત્તી કરી નિત્ય પ્રાતઃકાળે આ બાર નામનો શ્રધ્ધાપૂર્વક પાઠ કરવાથી ઉપરોક્ત ફળની પ્રાપ્તિ થાય છે.

-કનકચંદ્ર છગનલાલ વ્યાસ

# ‘સિંઘમ’ જેવી ફિલ્મમાં બતાવ્યા પ્રમાણે ‘પોલીસ ત્વરિત કરે છે’ એ ખતરનાક સંદેશ : બોમ્બે હાઈકોર્ટના જજ



નવી દિલ્હી, તા.૨૬

બોમ્બે ઉચ્ચ અદાલતના ન્યાયાધીશ ગૌતમ પટેલે જણાવ્યું હતું કે, સિંઘમ જેવી બ્લોકબસ્ટર ફિલ્મોમાં દર્શાવ્યા મુજબ, કાયદાની યોગ્ય પ્રક્રિયાની પરવા કર્યા વિના ઝડપી ન્યાય આપતા હીરો કોપની સિનેમેટિક છબી ખૂબ જ નુકસાનકારક સંદેશ આપે છે. ભારતીય પોલીસ ફાઉન્ડેશન દ્વારા તેના વાર્ષિક દિવસ અને પોલીસ સુધારણા દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, તેમણે કાયદાની પ્રક્રિયા પ્રત્યે લોકોની અધીરતા ઉપર પણ સવાલ ઉઠાવ્યા. પોલીસ સુધારણા વિશે વાત કરતા, ન્યાયાધીશે જણાવ્યું હતું કે,પ્રકાશસિંહ કેસમાં સર્વોચ્ચ અદાલતનો ચુકાદો તક ચૂકી ગયો હતો અને એ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી આપણે પોતાને સુધારીશું નહીં ત્યાં સુધી કાયદા અમલીકરણ તંત્રમાં સુધારો કરી શકાશે નહીં. તેમણે જણાવ્યું હતું કે,પોલીસની છબી ગુંડાઓ, ભ્રષ્ટાચારી અને ગેરજવાબદાર તરીકે લોકપ્રિય છે અને ન્યાયાધીશો, રાજકારણીઓ અને પત્રકારો સહિત જાહેર જીવનમાં કોઈના પણ વિશે એવું જ કહી શકાય. જનતા વિચારે છે કે અદાલત તેનું કામ કરી રહી નથી. તેમણે કીધુ કે,આ જ કારણ છે કે જ્યારે બળાત્કારનો આરોપી ભાગી જવાનો પ્રયત્ન કરતી વખતે એનકાઉન્ટરમાં માર્યો જાય છે, ત્યારે લોકો માને છે કે તે તે બરાબર નથી પરંતુ તેની ઉજવણી કરવામાં આવે છે. તેઓ અનુભવે છે કે,ન્યાય મળ્યો છે, પરંતુ શું એવું છે. ન્યાયાધીશ પટેલે નોંધ્યું હતું કે આ વ્યાપક દૃષ્ટિકોણ છે અને આપણી લોકપ્રિય સંસ્કૃતિમાં, ખાસકરીને ભારતીય સિનેમામાં મજબૂત રીતે પ્રતિબિંબિત થાય છે. તેમણે કહ્યું કે,ફિલ્મોમાં, પોલીસને નમ્ર, કાયર અને ઘણીવાર ખૂબ જ ખરાબ પોશાકમાં બતાવવામાં આવે છે. તેઓ અદાલતો ઉપર દોષિતોને જવા દેવાનો આરોપ લગાવે છે. હીરો કોપ એકલા હાથે ન્યાય આપે છે. સિંઘમ મૂવી ખાસ કરીને તેના ક્લાઈમેક્સ સીનમાં દર્શાવવામાં આવી છે જ્યાં સમગ્ર પોલીસ દળ પ્રકાશ રાજ દ્વારા ભજવવામાં આવેલા રાજકારણી ઉપર ઉતરી આવે છે અને બતાવે છે કે હવે ન્યાય મળ્યો છે. પરંતુ હું પૂછું છું કે શું એવું છે. ન્યાયાધીશ પટેલે કહ્યું કે,આપણે વિચારવું જોઈએ કે તે સંદેશ કેટલો ખતરનાક છે. આટલી અધીરાઈ શા માટે તેને એવી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે જ્યાં આપણે નિર્દોષતા કે અપરાધ નક્કી કરીએ છીએ. આ પ્રક્રિયાઓ ધીમી છે અને ધીમી હોવી જ જોઈએ કારણ કે તેમાં મુખ્ય સિદ્ધાંત અથવા વ્યક્તિની સ્વતંત્રતા છીનવાઈ જવી જોઈએ નહીં. સિંઘમ (૨૦૧૧), રોહિત શેટ્ટી દ્વારા દિગ્દર્શિત એક એક્શન ફિલ્મ, ૨૦૧૦માં સમાન શીર્ષકની તમિલ ફિલ્મની રિમેક છે અને તેમાં અજય દેવગણ પોલીસ અધિકારી તરીકે મુખ્ય ભૂમિકામાં છે. અગાઉ, પોલીસ સુધારણા વિશે વાત કરતા, ન્યાયાધીશ પટેલે જણાવ્યું હતું કે,જ્યારે પ્રકાશસિંહ કેસમાં પોલીસ સુધારણા અંગે સર્વોચ્ચ અદાલતના ૨૦૦૬ના ચુકાદાની વાત આવે ત્યારે તેઓ એક વિશિષ્ટ લાગણી સાથે કહે છે કે તેઓએ આ એક તક ગુમાવી હતી. ન્યાયાધીશ પટેલે જણાવ્યું હતું કે, એકલાં પોલીસ સુધારા જ નહીં, પરંતુ અન્ય નોંધપાત્ર સુધારાઓ પણ જરૂરી છે. ન્યાયાધીશે ઉમેર્યું કે, ઉત્તરપ્રદેશના પૂર્વ પોલીસ મહાનિર્દેશક કે જેમણે પોલીસ તંત્રની કામગીરીમાં સુધારાની માગણી કરતી દાખલ કરી હતી, પોલીસ સુધારાને વાસ્તવિકતા બનાવવા માટે તેમના નિઃશંક અને અથાગ પ્રયત્નો માટે તેઓ પ્રકાશ સિંહને સલામ કરે છે.

# રાજ્યમાં OBC સૂચિમાં સુધારો કરવા માટે ‘ઈરાદાપૂર્વક આજ્ઞાભંગ’નો આક્ષેપ કરતી તિરસ્કારની અરજી ઉપર કેન્દ્ર અને કેરળને સુપ્રીમ કોર્ટની નોટિસ

(એજન્સી) તા.૨૬

સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર અને કેરળ સરકાર સામે જાહેર રોજગારમાં અનામતના લાભોના સમાન વિતરણની ખાતરી કરવા માટે રાજ્યમાં પછાત વર્ગોની સૂચિમાં સમયાંતરે સુધારો કરવાના ન્યાયિક આદેશોનો “ઈરાદાપૂર્વક અનાદર” કરવા માટે દાખલ કરવામાં આવેલી તિરસ્કારની અરજી પર નોટિસ જારી કરી હતી. જસ્ટિસ બી.આર. ગવાઈની બેન્ચે કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો. આ તિરસ્કારની અરજી એ NGO, લઘુમતી ભારતીય આયોજન અને તકેદારી આયોગ ટ્રસ્ટ દ્વારા દાખલ કરવામાં આવી હતી, જેનું પ્રતિનિધિત્વ એડવોકેટ હરિસબીરન દ્વારા કરવામાં આવે છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે કેરળ હાઈકોર્ટે ૮ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ કેન્દ્રને કેરળમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઓળખ માટેના પરિમાણોને ધ્યાનમાં લેતા સામાજિક-આર્થિક અભ્યાસ અહેવાલને અંતિમ સ્વરૂપ આપવા માટે જરૂરી પગલાં લેવા અને તેને સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. અહેવાલના આધારે, પંચ અને કેન્દ્રને છ મહિનાના સમયગાળામાં મૂલ્યાંકન પૂર્ણ કરવા અને રાજ્યને ભલામણો સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ૨૮ જૂન, ૨૦૨૧ના રોજ, સુપ્રીમ કોર્ટે કવાયત પૂર્ણ કરવા માટે વધુ એક વર્ષનો સમય આપ્યો હતો. આ પિટિશનમાં કહેવામાં આવ્યું છે કે તેઓ “ઈરાદાપૂર્વક ન્યાયિક આદેશોને ઓવરરાઈડ કરવાની માંગ કરી હતી અને કોઈપણ વસ્તી ગણતરી હાથ ધરવા અને કમિશનને રિપોર્ટ સબમિટ કરવાનો ઈનકાર કર્યો હતો. આ નિષ્ક્રિયતાને કારણે મુસ્લિમ સમુદાય સહિત પછાત વર્ગો રાજ્યમાં સમાજના નીચલા વર્ગમાં જ રહી ગયા હતા. સાર્વજનિક રોજગારમાં સમાજના નબળા વર્ગોના ઓછા પ્રતિનિધિત્વની સમસ્યાને સમાપ્ત કરવા માટે આ એક વ્યવહારૂ અને કાનૂની ઉકેલ છે. તિરસ્કારની અરજીમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ૧૯૯૨માં સર્વોચ્ચ અદાલતના ઈન્દિરા સાહનીના ચુકાદામાં પછાત વર્ગોમાં વર્ગીકરણ અને અનામતના લાભોની સમાન વહેંચણીની માંગ કરવામાં આવી હતી અને આ યાદીઓમાં સમયાંતરે સુધારો કરવાની માંગ કરવામાં આવી હતી. અરજીમાં કહેવામાં આવ્યું છે કે અભ્યાસ હાથ ધરવામાં ક્ષતિ અને પછાત વર્ગોની યાદીમાં સમયસર સુધારો ન કરવો એ બંધારણની કલમ ૧૬(૪)નું ઉલ્લંઘન છે. આ કલમે રાજ્યોને જાહેર રોજગારમાં સમાજના સૌથી નબળા વર્ગના પ્રતિનિધિત્વની ખાતરી કરવા માટે કાયદો બનાવવાની સત્તા આપી હતી. સંબંધિત માહિતીનો અભાવ ૧૯૯૩ના કેરળ રાજ્ય પછાત વર્ગ અધિનિયમ અને કેરળ રાજ્ય પછાત વર્ગો (રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂંક અથવા પોસ્ટ્સ માટે અનામત) અધિનિયમ ૧૯૯૫ની જોગવાઈઓનું પણ ઉલ્લંઘન કરે છે.

# નર્મદા નદી ઉપર માલસર પાસે બનેલા બ્રિજનું વડાપ્રધાન મોદી લોકાર્પણ કરશે

ગાંધીનગર, તા.૨૬

વડોદરા જિલ્લાને બે જિલ્લા, ભરૂચ અને નર્મદાને ટૂંકા અંતરથી જોડતા ડભોઈ, શિનોર, માલસર, અશા રોડ ઉપર નર્મદા નદી ઉપર રૂા.૨૨૫ કરોડના ખર્ચથી નિર્માણ પામેલા પૂલનું આગામી તા. ૨૭ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં છોટાઉદેપુર ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન લોકાર્પણ થશે. આ બ્રિજ બનતા વડોદરાથી નેત્રંગ ઉપરાંત ડેડિયાપાડ, મહારાષ્ટ્ર જવા માટે ૨૦ કિલોમિટરનું અંતર ઓછું થઇ ગયું છે. પૂલ બનવાથી બીજો મોટો લાભ એ થશે કે કપરા ચઢાણ, ડુંગરાળ વિસ્તારનો માર્ગ એક તરફ થઈ જશે. સ્વેર ટાઈપ આ બ્રિજની માહિતી આપતા કાર્યપાલક ઈજનેર કમલેશ થોરાટે કહ્યું કે, ડભોઈ, શિનોર, માલસર અને અશા તરફના રાજમાર્ગ ઉપર નર્મદા નદી પર પીએસસી ગર્ડર ડેક પૂલ બનાવવાની કામગીરી પૂર્ણ થઈ છે. બ્રિજ માટે ૧૬ પિલ્લર બનાવવામાં આવ્યા છે. આ પૂલ માટે કુલ ૧૨ હજાર ટન વિવિધ પ્રકારનું લોખંડ તથા કુલ ૩.૫ કિલોમીટરની લંબાઈ અને ૧૬ મિટરની પહોળાઈ ધરાવતા આ બ્રિજનો ૯૦૦ મિટરનો હિસ્સો નદી ઉપરથી પસાર થયો છે. બાકી અશા તરફ ૬૦૦ મિટર અને માલસર સાઈડ ૨ કિલોમિટરનો ભાગ છે.

# હવે શિક્ષકોના પ્રશ્નોને લઈને શૈક્ષિક મહાસંઘ પણ આંદોલન કરશે

**૨ ઓક્ટોબરના રોજ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી આંદોલનની શરૂઆત કરાશે : શૈક્ષિક મહાસંઘના અલ્ટીમેટમ બાદ પણ પ્રશ્નો ન ઉકેલાતાં હવે આંદોલનની જાહેરાત કરાઈ**

અમદાવાદ, તા.૨૬

રાજ્યના શિક્ષકોના પ્રશ્નોને લઈને હવે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા પણ આંદોલનની જાહેરાત કરવામાં આવી છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા અગાઉ સરકારને પ્રશ્નોના નિરાકરણ માટે ૨૧ સપ્ટેમ્બરનું અલ્ટીમેટમ આપ્યું હતું, પરંતુ પ્રશ્નો ન ઉકેલાતા હવે આંદોલનની જાહેરાત કરાઈ છે. જેમાં ૨ ઓક્ટોબરના રોજ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી આંદોલનની શરૂઆત કરવામાં આવશે. ત્યારબાદ સાંસદ અને ધારાસભ્યોને આવેદનપત્ર આપવાનું આયોજન કરાયું છે. ૭મી પછી આંદોલનની આગળની રણનિતી જાહેર કરવામાં આવશે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા જૂની પેન્શન યોજના અને અન્ય પડતર પ્રશ્નો મુદ્દે ગતવર્ષે આંદોલન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સરકાર સાથે સમાધન થતાં આંદોલન સમેટાયું હતું. પરંતુ ત્યારબાદ હજુ સુધી પ્રશ્નોને લઈને ઠરાવ કરાયા નથી. ત્યારબાદ મહાસંઘ દ્વારા સરકારને ૨૧ સપ્ટેમ્બર સુધીનું અલ્ટીમેટમ આપી પ્રશ્નોના નિરાકરણ માટે જણાવ્યું હતું. પરંતુ નક્કી કરેલી સમય મર્યાદામાં પણ ઠરાવ કરવામાં આવ્યા ન હોવાથી આંદોલન કરવાનો નિર્ણય લીધો છે.

મહાસંઘ દ્વારા નક્કી કરવામાં આવેલા આંદોલનમાં શનિવારથી ૧ ઓક્ટોબર સુધી રાજ્યની તમામ શાળા તથા શિક્ષક સુધી આંદોલનનો વિષય પહોંચે તે માટે તાલુકા, જિલ્લા કક્ષાના પદાધિકારીઓ સાથે રૂબરૂ તથા ઓનલાઈન બેઠક કરી આંદોલનાત્મક કાર્યક્રમોની રૂપરેખા તથા માહિતી આપવામાં આવશે. ત્યારબાદ ૨ ઓક્ટોબરથી આંદોલનની શરૂઆત થશે. જેમાં પ્રત્યેક જિલ્લાના જિલ્લા મથકે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના તમામ સંવર્ગના પદાધિકારી, કાર્યકર્તા તથા સદસ્ય મોટી સંખ્યામાં એકત્રિત થઈ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી, સમૂહ પ્રાર્થના કરી આંદોલનની શરૂઆત કરશે. આંદોલન શરૂ થયા બાદ તમામ કર્મચારીઓ સામૂહિક પ્રતિજ્ઞા લેશે. ઉપરાંત સૌ પ્રતિક ઉપવાસ રાખશે અને સામૂહિક રીતે ખાદીની ખરીદી કરશે.

૨ ઓક્ટોબરથી ૭ ઓક્ટોબર દરમ્યાન દરેક જિલ્લાના તમામ સંવર્ગ સામૂહિક રીતે બેસી પોતાના જિલ્લાના સંસદસભ્ય, ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ, શાસક પક્ષ ભાજપાના જિલ્લા પ્રમુખને ૭ ઓક્ટોબર સુધીમાં આવેદન પત્ર આપવા ૧૦૦થી વધુ સદસ્યની ટીમ બનાવી આવેદનપત્ર આપવાનું આયોજન કરશે અને તેઓનો ભલામણ-પત્ર લખવા અનુરોધ કરવામાં આવશે. ૭મી ઓક્ટોબર સુધીમાં જો આપેલ પ્રશ્નો ન ઉકેલાય તો આશ્ચર્યજનક કાર્યક્રમો જેમાં રેલી, ધરણા તથા ગાંધીનગર ખાતે ખૂબ જ મોટી સંખ્યામાં એકત્રીકરણ જેવા કાર્યક્રમ ઘડવામાં આવશે.

# ભારતના મેડિકલ ગ્રેજ્યુએટ હવે અમેરિકા ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ જેવા દેશોમાં પણ પ્રેક્ટિસ કરી શકશે

નવી દિલ્હી, તા.૨૬

નેશનલ મેડિકલ કમિશન (NMC) ઈન્ડિયાને ૧૦ વર્ષના કાર્યકાળ માટે પ્રતિષ્ઠિત વર્લ્ડ ફેડરેશન ફોર મેડિકલ એજ્યુકેશન (WFME) રેકગ્નિશન સ્ટેટસ એનાયત કરવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની યાદીમાં જણાવાયું છે કે, WFME માન્યતા ભારતીય તબીબી સ્નાતકોને અન્ય દેશો, જેમ કે યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં અનુસ્નાતક તાલીમ અને પ્રેક્ટિસ કરવા સક્ષમ બનાવશે જેને WFME માન્યતાની જરૂર હોય છે. આ માન્યતા હેઠળ તમામ ૭૦૬ હાલની મેડિકલ કોલેજો WFME માન્યતા પ્રાપ્ત થઈ જશે અને આગામી ૧૦ વર્ષમાં સ્થપાયેલી નવી મેડિકલ કોલેજો આપોઆપ WFME માન્યતા પ્રાપ્ત થઈ જશે. આ અમારા વૈશ્વિક સ્તરે માન્ય ધોરણોને કારણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ભારતને આકર્ષક સ્થળ પણ બનાવશે. આ ઉપરાંત, NMCને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ અને માપદંડો સાથે સંરેખિત કરીને ભારતમાં તબીબી શિક્ષણની ગુણવત્તા અને ધોરણોને આગળ વધારવાનો વિશેષાધિકાર મળશે. આ માન્યતા ભારતીય તબીબી શાળાઓ અને વ્યાવસાયિકોની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠામાં વધારો કરશે, શૈક્ષણિક સહયોગ અને વિનિમયને સરળ બનાવશે અને તબીબી શિક્ષણમાં સતત સુધારણા અને નવીનતાને પ્રોત્સાહન આપશે અને તબીબી શિક્ષકો અને સંસ્થાઓમાં ગુણવત્તાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપશે. વર્લ્ડ ફેડરેશન ફોર મેડિકલ એજ્યુકેશન (WFME)એ વિશ્વભરમાં તબીબી શિક્ષણની ગુણવત્તા વધારવા માટે સમર્પિત વૈશ્વિક સંસ્થા છે. WFMEનું મિશન સમગ્ર માનવજાત માટે સારી આરોગ્ય સંભાળ માટે પ્રયત્ન કરવાનું છે; WFMEનો પ્રાથમિક ઉદ્દેશ્ય તબીબી શિક્ષણમાં સર્વોચ્ચ વૈજ્ઞાનિક અને નૈતિક ધોરણોના પ્રચાર સાથે વિશ્વભરમાં તબીબી શિક્ષણની ગુણવત્તા વધારવાનો છે. એજ્યુકેશન કમિશન ઓન ફોરેન મેડિકલ એજ્યુકેશન (ECFMG)એ યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રાથમિક સંસ્થા છે જે ઈન્ટરનેશનલ મેડિકલ ગ્રેજ્યુએટ્સ (IMGs) લાઈસન્સ આપવાની નીતિઓ અને નિયમોની દેખરેખ રાખે છે. USMLE મેળવવા માટે, અને રેસીડેન્સી માટે અરજી કરવા માટે તમામ IMG ECFMG દ્વારા પ્રમાણિત હોવું આવશ્યક છે. આ પ્રમાણપત્ર સામાન્ય રીતે મેડિકલ પ્રોગ્રામના ૨જુ વર્ષ પૂર્ણ થયા પછી અને USMLE સ્ટેપ ૧ પરીક્ષા આપતા પહેલા થાય છે. ૨૦૧૦માં, ECFMGએ એક નવી જાહેરાત કરી હતી જે વર્ષ ૨૦૨૪માં અસરકારક બનશે.

# હરદીપસિંહ નિજ્જરની હત્યાના આરોપને સમર્થન આપવા માટે કેનેડા પાસે ભારત વિરૂધ્ધ કોઈ પુરાવા છે ?

નવી દિલ્હી તા.૨૫



શીખ અલગતાવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યાને લઈને ભારત અને કેનેડા વચ્ચે ભારે વિવાદ થયો છે. કેનેડાએ ઓટ્ટાવામાંથી એક ભારતીય ગુપ્તચર અધિકારીને હાંકી કાઢ્યા છે. કેનેડાના વિદેશપ્રધાન મેલાની જોલીએ જણાવ્યું હતું કે, જ્યારે તે યુએન જનરલ એસેમ્બલીમાં સાથી દેશોને મળશે ત્યારે તે ભારતને ભીંસમાં મૂકશે. હવે મોટો પ્રશ્ન એ છે કે, કેનેડા કેવી રીતે માને છે કે, બ્રિટિશ કોલમ્બિયાના સરેમાં જૂનમાં થયેલા ગોળીબારમાં નિજ્જરના મૃત્યુ પાછળ ભારતનો હાથ હતો. કેનેડિયન પોલીસનું કહેવું છે કે, ૪૫ વર્ષીય નિજ્જરને ગુરૂદ્વારાના પાર્કિંગમાં બે માસ્ક પહેરેલા માણસોએ તેની ટ્રકમાં હુમલો કર્યો હતો કેનેડાએ યુએસ, યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડા વચ્ચેની અનૌપચારિક ગુપ્ત માહિતી-શેરિંગ સિસ્ટમ, ફાઈવ આઈઝ સાથે પુરાવા શેર કર્યા છે. તે ઈચ્છે છે કે, આ દેશો હત્યા અંગે સંયુક્ત નિવેદન બહાર પાડે. વોશિંગ્ટન પોસ્ટ કહે છે કે, કેનેડિયનોએ ઘણા અઠવાડિયા પહેલા તેમના પુરાવા શેર કર્યા હતા, પરંતુ યુએસ અને યુકે જેવા તેમના સાથી દેશો કોઈપણ ચાલ કરવા માટે અનિચ્છા ધરાવતા હતા, ખાસ કરીને તેઓ દિલ્હીમાં G-20 મીટને પ્રભાવિત કરવા માંગતા ન હતા. યુએસએ કહ્યું છે કે, તે આ આરોપો વિશે ખૂબ જ ચિંતિત છે અને તે કેનેડાની તપાસ આગળ વધે અને ગુનેગારોને ન્યાય આપવામાં આવે તે મહત્ત્વપૂર્ણ છે. તેણે ભારતને તપાસમાં સહકાર કરવા વિનંતી કરી છે. ઓસ્ટ્રેલિયાએ પણ કહ્યું છે કે, તે આ આક્ષેપોથી ખૂબ જ ચિંતિત છે અને કહ્યું હતું કે, અમે વરિષ્ઠ સ્તરે ભારતને અમારી ચિંતાઓ જણાવી છે. યુકેના વિદેશપ્રધાન જેમ્સએ કહ્યું છે કે, સ્વાભાવિક રીતે આના જેવી સંવેદનશીલ બાબત સાથે, અમે ખાતરી કરવા માંગીએ છીએ કે કેનેડા સંપૂર્ણ અને પારદર્શક તપાસ કરવા માટે સક્ષમ છે. ટ્રુડોઆ અઠવાડિયે દિલ્હી G-20 સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત પછી સંસદમાં તેમનું નાટકીય નિવેદન આપવા માટે શા માટે પ્રેરિત થયા હતા તે અનિશ્ચિત છે. ટ્રુડોએ પત્રકારોને આગ્રહ કર્યો કે, ઓટ્ટાવાની તપાસ નક્કર છે. અમે અમારી ગુપ્તચર એજન્સીઓ સાથે કામ કરી રહ્યા છીએ. અમે એ સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે શું ચાલી રહ્યું છે તે સમજવામાં અમારી પાસે નક્કર આધાર છે. અમને જે ખબર હતી તે અમે અમારા સાથીઓ સાથે શેર કરવા માંગતા હતા. ભારત સરકારે આ બાબતને અત્યંત ગંભીરતાથી લેવાની જરૂર છે.

જોલીએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, જો આ આરોપો સાચા સાબિત થાય છે, તો આ અમારા સાર્વભૌમત્વનું ગંભીર ઉલ્લંઘન હશે. ભારતે દિલ્હીમાં ટોચના કેનેડિયન ઈન્ટેલિજન્સ ઓફિસરને હાંકી કાઢ્યા અને આરોપોનું ખંડન કર્યું અને આરોપ કર્યો કે, કેનેડામાં ૭,૭૦,૦૦૦ શીખો રહે છે અને કેનેડા ખાલિસ્તાન મુદ્દે નરમ વલણ અપનાવે છે અને ખાલિસ્તાની આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓને આશ્રય આપે છે જે ભારતની સુરક્ષા માટે ખતરો છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કેનેડામાં હિંસાના કોઈપણ કૃત્યમાં ભારત સરકારની સંડોવણીના આક્ષેપો વાહિયાત અને પ્રેરિત છે. શું કેનેડા પાસે એવા નિર્વિવાદ પુરાવા છે કે, ભારતીય ગુપ્તચર એજન્સીઓ નિજ્જરની હત્યામાં સામેલ હતી ? જો તેવું થાય છે, તો તે ભારત માટે સઉદી અરેબિયા અને રશિયા જેવા દેશોની કંપનીમાં મૂકવું અત્યંત કપરૂં હશે.

એક મુદ્દો એ છે કે, જો કેનેડાએ ફાઈવ આઈઝ સમક્ષ પુરાવા રજૂ કર્યા હોય, તો તેની પાસે તેનો કેસ સાબિત કરવા માટે ઈલેક્ટ્રોનિક પુરાવા હોવા જોઈએ. બીજી બાજુ, જો કેનેડા પાસે તેમના આરોપોને સમર્થન આપવા માટે પુરાવા નથી કે જે તેના માટે મુશ્કેલ હશે. પ્લમ્બિંગનો વ્યવસાય ચલાવતા નિજ્જર ખાલિસ્તાન ટાઈગર ફોર્સ નામના સંગઠનનું નેતૃત્વ કરતા હતા જેને ભારત સરકાર આતંકવાદી જૂથ તરીકે જાહેર કર્યું છે. ભારતે આતંકવાદને લગતા અનેક આરોપોમાં તેના પ્રત્યાર્પણની માંગ કરી હતી અને તેના માથા ઉપર ઈનામ પણ હતું. નિજ્જરને ‘ગેંગના સભ્યો’ અને કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે તેને વ્યાવસાયિક હત્યારાઓ દ્વારા નિશાન બનાવવામાં આવી રહ્યો છે. કેનેડિયન તપાસકર્તાઓએ ગયા મહિને કહ્યું હતું કે, તેઓ નિજ્જરની હત્યામાં ત્રણ શકમંદોને ઓળખી કાઢ્યા છે, જેમાં બે શૂટર્સ અને એક કારચાલક છે પરંતુ તેઓએ કોઈની ધરપકડ કરી નથી. નિજ્જરના વકીલ ગુરપતવંતસિંહ પન્નુને કહ્યું કે, તેઓ માને છે કે, તેમના અસીલને કેનેડામાં સ્વતંત્ર શીખ વતન બનાવવા માટે આયોજિત બિન-બંધનકારી લોકમતનું આયોજન કરવા માટે લક્ષ્યાંકિત કરવામાં આવ્યો હતો. ગયા અઠવાડિયે બિનસત્તાવાર મતદાન યોજાયું હતું અને આયોજકોએ દાવો કર્યો હતો કે, ૧,૦૦,૦૦૦થી વધુ લોકોએ મતદાનમાં ભાગ લીધો હતો. વિશ્લેષકો કહે છે કે, ટ્રુડો કેનેડાની સંસદમાં નિવેદન શા માટે આપ્યું ? એવી સંભાવના છે કે, તેમણે મોદીને પુરાવા રજૂ કર્યા હશે અને જ્યારે ભારતીય પક્ષ તરફથી યોગ્ય જવાબ મળ્યો ન હતો. વિદેશ મંત્રાલયે કહ્યું કે, મોદીએ કેનેડામાં ભારત વિરોધી વિરોધ અંગે તેમની ચિંતા વ્યક્ત કરી હતી. તેઓ અલગતાવાદને પ્રોત્સાહન આપી રહ્યા છે અને ભારતીય રાજદ્વારીઓ સામે હિંસા ભડકાવી રહ્યા છે, રાજદ્વારી પરિસરને નુક્સાન પહોંચાડી રહ્યા છે. બીજી શક્યતા ચૂંટણીની ગણતરી છે.

ઓપિનિયન પોલ્સમાં ટ્રુડો અને તેમની લિબરલ પાર્ટીની લોકપ્રિયતા ઘટી રહી છે. ૨૦૨૫ સુધી સામાન્ય ચૂંટણી થવાની નથી પરંતુ તે પહેલાથી જ સ્પષ્ટ છે કે, દરેક મતની ગણતરી થશે. ટ્રુડોની લિબરલ પાર્ટી પાસે કેનેડિયન સંસદમાં ૧૬૦ બેઠકો છે અને તે સરળ બહુમતી માટે જરૂરી ૧૭૦ બેઠકોમાંથી ૧૦ ઓછી છે. આમાંથી ૨૦ બેઠકો એશિયનો પાસે છે અને તેમાંથી ૧૯ પંજાબીઓની છે. તેને શીખ-કેનેડિયન જગમીત સિંહની આગેવાની હેઠળની નેશનલ ડેમોક્રેટિક પાર્ટી (NDP)નું સમર્થન છે. સિંહે અનેક પ્રસંગોએ ભારત વિરોધી અને ખાલિસ્તાન તરફી નિવેદનો આપ્યા છે. કેનેડિયન શીખ અલગતાવાદી પ્રવૃત્તિઓ ઉપર ઘર્ષણને કારણે ઓટ્ટાવા અને દિલ્હી વચ્ચેના સંબંધો તંગ છે. શીખ અલગતાવાદીઓ દ્વારા એર ઈન્ડિયાના વિમાનને તોડી પાડવાની કેનેડિયન તપાસને લઈને ભારતમાં લાંબા સમયથી ગુસ્સો અને મૂંઝવણ જોવા મળી રહી છે. ૨૦૦૫ના ટ્રાયલમાં બે શીખ અલગતાવાદીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા, જેમાંથી એકની ગયા વર્ષે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. હાલમાં ભારત સાથે કેનેડાના સંબંધો જે સંભવિત રીતે મુખ્ય વ્યૂહાત્મક ભાગીદાર તરીકે ગણવામાં આવતા હતા, તે હવે તેના સૌથી નીચા સ્તરે આવી ગયા છે. G-20 મીટિંગ પહેલા કેનેડાએ અજ્ઞાત કારણોસર ભારત સાથેની વેપાર વાટાઘાટો બંધ કરી દીધી હતી.

# કચ્છમાં વરસાદી સિસ્ટમ બનતાં ગુજરાતમાં ફરી ચાર દિવસ વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૨૬

વધુ એક રાઉન્ડ બાદ હાલ ગુજરાતના કેટલાક વિસ્તારોને બાદ કરતાં અન્ય ક્ષેત્રોમાં વરસાદે વિરામ લેતાં છેલ્લા બે દિવસથી ગરમી અને ઉકળાટમાં અચાનક વધારો થયો છે. ત્યારે હવામાન વિભાગ તરફથી ફરી એક વખત આગાહી કરવામાં આવી છે કે, ગુજરાતમાં આગામી ચાર દિવસ સુધી વરસાદ પડી શકે છે. બે દિવસ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી ચાર દિવસ ગુજરાતના ૧૭થી વધુ તાલુકામાં વરસાદ ખાબકી શકે છે. જો કે હાલ રાજ્યના એક પણ જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ આપવામાં આવ્યું નથી.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, કચ્છ નજીક એક વરસાદી સિસ્ટમ સક્રિય થઈ હોવાથી રાજ્યમાં ફરી વરસાદનો એક રાઉન્ડ આવી શકે છે. ગુજરાતમાં દસ ઓક્ટોબરથી ચોમાસું વિદાય લેશે, એમ પણ જણાવવામાં આવ્યું હતું. ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં પણ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર, બંગાળની ખાડીમાં હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન બની ગયું હતું અને હવે તે લો-પ્રેશર એરિયામાં ફેરવાઈ જશે. આ સિસ્ટમ લો-પ્રેશર એરિયા બન્યા બાદ આગળ વધશે અને તે ફરી ગુજરાત કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસાવે તેવી શક્યતા જણાઈ રહી છે. ચોમાસાના ચોથા રાઉન્ડના વરસાદથી ચાલુ સપ્ટેમ્બર મહિનામાં રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૬૮.૮૪ એમએમ વરસાદ પડી ચૂક્યો છે. રાજ્યમાં વરસાદની ટકાવારી ૧૦૦ ટકાથી પણ વધી ગઈ છે. ચોમાસાના ભારેથી અતિભારે વરસાદના પગલે રાજ્યના પૂર પ્રભાવિત નવ જિલ્લામાંથી ૧૯,૩૬૦ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જયારે અત્યાર સુધીમાં ૧૦૭૬ લોકોનું રેસ્ક્યૂ કરાયું છે.


C M Y K

# જૂનાગઢના કિશન ગોંડલીયા સાયકલીંગમાં 'સુપર રોડેનીઅર'




જૂનાગઢતા. ૨૬

ઓડેક્ષ પેરીસ દ્વારા સમગ્ર વિશ્વમાં ૮૦થી વધુ દેશોમાં સાહસિક સાયકલ રાઈડનું આયોજન કરવામાં આવે છે. જેમાં દરેક દેશમાં ૧૦૦, ૨૦૦, ૩૦૦, ૪૦૦, ૬૦૦ કિ.મી. વર્ષમાં ૧૦૦, ૨૦૦, ૩૦૦, ૪૦૦ અને ૬૦૦ કિ.મી. રાઈડ સમય મર્યાદામાં પુર્ણ કરે તેને 'સુપર રોડેનીઅર' તરીકે ડીગ્રી આપવામાં આવે છે. આ ડીગ્રી જૂનાગઢના કિશન ગોંડલીયાએ બે વખત મેળવી જૂનાગઢના પ્રથમ સુપર રેડેનીઅર બનેલ છે અને સાથે તેમણે ૧૦૦૦ કિ.મી. રાઈડ પુર્ણકરી પેરીસ માટે કવોલીફાઈડથયા હતા. વધુમાં ઓડેક્ષ -પેરીસ દ્વારા કવોલીફાઈડ થયેલ ૩૦૦૦ જેટલા સાયકલ સવારોને સમગ્ર વિશ્વમાંથી પેરીસમાં સૌથી મોટી રાઈડમાં ભાગ લેવાની તક મળેછે. જેમાંથી જૂનાગઢના સૌપ્રથમ સાયકલીસ્ટ કિશન ગોંડલીયાએ પેરીસની ૧૨૦૦ કિ.મી. રાઈડમાં ભાગ લઈ સફળતા પુર્વક સંપન્ન કરેલ છે. તેથી જૂનાગઢના તમામ સાયકલ વીર આનંદની લાગણી અનુભવે છે. અત્યાર સુધી એક માત્ર કિશન ગોંડલીયાએ સુપર રોડેનીઅરની ડીગ્રી મેળવી છે. તેની આ સાહસિક સાયકલીંગ જૂનાગઢ માટે પ્રેરણારૂપ છે. તેની આ સિધ્ધીને તમામ સાયકલીસ્ટોએ આવકારી અભિંદન પાઠવેલ છે.

# ડો. હરિભાઈ ગોધાણી કેમ્પસ ખાતે ત્રિવિધ સન્માન સમારોહ



જૂનાગઢ, તા.૨૬

ડો.હરિભાઈ ગોધાણી કેમ્પસ જોષીપુરા - જૂનાગઢ ખાતે તા.૨૩/૯/૨૦૨૩ને શનિવારનારોજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના નવનિયુકત પદાધિકારીઓ, જિલ્લા અને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો અને ઉચ્ચપદવી પ્રાપ્ત કરનાર શિક્ષણવિદોનો ત્રિવિધ સન્માન સમારોહનો કાર્યક્રમ ખુબ જ ધામધૂમથી ઉજવાયો હતો.

આ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠૂંમર, જૂનાગઢ માર્કેટિંગ યાર્ડના ચેરમેન કેવલભાઈ ચોવટીયા, ભેંસાણ તાલુકા પંચાયતના પ્રમુખ હરસુખભાઈ કથીરિયા, જૂનાગઢ તાસલુકા પંચાયતના પ્રમુખ મંજુલાબેન ઠૂંમર, વિસાવદર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ કોટડીયા, જૂનાગઢ તાલુકા પંચાયતના કારોબારી ચેરમેન ભરતભાઈ દોમડિયા, વિસાવદર તાલુકા પંચાયતના દંડક રંજનબેન માળવિયા, જૂનાગઢ તાલુકા પંચાયતના સાસક પક્ષના નેતા કેતનભાઈ સુખડિયા, ભેંસાણ તાલુકાપંચાયતના સાસક પક્ષના નેતા ઘનશ્યામભાઈ પટોળિયા, વિસાવદર તાલુકા પંચાયતના સાસક પક્ષના નેતા ચંપાબેન સાવલિયા, પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત વંથલી મનોજભાઈ ઠુંમર, કારોબારી ચેરમેન તાલુકા પંચાયત ભેંસાણના દિપકભાઈ સત્તાસિયા, જૂનાગઢ જિલ્લા સહકારી સંઘના ડિરેકટરો મનસુખભાઈ હિરપરા, દિપકભાઈ ડોબરીયા, જયસુખભાઈ વઘાસિયા, મહેન્દ્રભાઈ રાજાણી તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતાઓ કિશોરભાઈ શેલડિયા, વિલાસબેન રાખોલિયા, કંચનબેન સાંગાણી અને નિતેષભાઈ માથુકિયા તેમજ શ્રી સરદાર પટેલ મહિલા બી.એડ. કોલેજના પ્રાધ્યાપક ડો.ગીતાબેન બુટાણીએ પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરતાં ઉપરોકત તમામનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ ત્રિવિધ સન્માન સમારોહમાં હરેશભાઈ ઠૂંમરે પોતાના પ્રેરક વક્તવ્યમાં જૂનાગઢના તમામ નાગરિકોની સેવામાં હરહંમેશ તૈયાર છું, તેવું વચન આપ્યું હતું.

આ ત્રિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ સંસ્થાના ટ્રસ્ટી અરવિંદભાઈ પાપડારે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને સંસ્થાના ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૂણાલીનીબેન ગોધાણી અને સંસ્થાના તમામ ટ્રસ્ટીગણે નવનિયુકત હોદ્દેદારો પોતાના પ્રજાલક્ષી સેવા કાર્ય દ્વારા યશસ્વી બને અને પોતાના ક્ષેત્રમાં આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# સુત્રાપાડા પોલીસ દ્વારા લોકસંવાદ કાર્યક્રમ યોજાયો




(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૨૬

જૂનાગઢ જીલ્લાના નાયબ પોલીસ મહાનીરીક્ષક નિલેશ જાજડીયા તથા મનોહરસિંહ જાડેજા, પોલીસ અધિક્ષકશ્રી ગીર સોમનાથ, વી.આર. ખેંગાર, સબ નાયબ પોલીસ અધિક્ષકશ્રી વેરાવળ વિભાગનાઓએ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાઈ રહે તે માટે જાહેર જનતાનો વિશ્વાસ સંપાદિત કરવા અને નિર્ભયતાનો અનુભવ કરે તેમજ પોલીસપ્રત્યે વિશ્વાસની લાગણી અનુભવે તે માટે "ત્રણ વાત તમારી, ત્રણ અમારી " લોક સંવાદ કાર્યક્રમનું આયોજન માટે સુચના આપેલ હતી.

જે અન્વયે ધામળેજ ધૌમ્ય પ્રાથમીક શાળા ખાતે "ત્રણ વાત તમારી, ત્રણ અમારી "લોક સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં સુત્રાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારના જીલ્લા/ તાલુકા/ગ્રામ પંચાયતના ચુંટાયેલા લોક પ્રતિનિધિઓ, શાળાના નિવૃત્ત આચાર્યશ્રીઓ/ શિક્ષકશ્રીઓ, ફીશરમેનો, વેપારીઓ, તથા અલગ-અલગ ગામનાં નાગરીકો તેમજ સુત્રાપાડા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર એન.એ.વાઘેલા તથા સુત્રાપાડા પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ હાજર રહેલ હતા. અને "ત્રણ વાતતમારી, ત્રણ અમારી" લોક સંવાદ કાર્યક્રમમાં સર્વે જનસમુદાયને સ્પર્શતા હોય તેવા નાગરીકોને લગતા પ્રશ્નો બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. તેમજ પોલીસ તરફથી સુત્રાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લુંટેરી દુલ્હન, તેમજ સાયબર ક્રાઈમ ન્યુડ વિડિયો બાબતે તમામને માહિતગાર કરવામાં આવેલ હતા તેમજ ટ્રાફીક નિયમન તથા એન.ડી.પી.એસ.(નાર્કોટીકસ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબસ્ટેન્સેસ) બાબતે નાગરીકોમાં જાગૃતતા આવે અને જાહેર જનતામાં સ્વયંમ્ શિસ્ત વિકસે તે માટે તમામને જાણકારી આપવામાં આવેલ હતી અને પોલીસ વિભાગ જાહેર જનતાને વધુમાં વધુ સારી રીતે મદદરૂપ થાય તે માટે સમાજના તમામ આગેવાનોને પોલીસને સાથ અને સહકાર આપવા અપીલ કરવામાં આવેલ હતી.

## અમદાવાદના પંચાલ પરિવાર દ્વારા દ્વારકાધીશને ૧૫૦ ગ્રામ સુવર્ણ જડિત શીરપેચ તથા બાજુબંધ અર્પણ કરાયા



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૬

દ્વારકાધીશ જગતમંદિરમાં આજે અમદાવાદના મણીનગરના રહેવાસી નરેશભાઈ પ્રહલાદભાઈ પંચાલ તેમજ તેમના પુત્ર આનંદભાઈ દ્વારા જન્મદિન નિમિત્તે દ્વારકાધીશને ૧૫૦ ગ્રામ સોનાના આભૂષણો અર્પણ કરાયા હતા જેમાં શ્રીજીને શૃંગાર માટેનો શીરપેચ તથા શ્રીજીના બાજુબંધની સેવા અર્પણ કરવામાં આવી હતી. આ સાથે પંચાલ પરિવાર દ્વારા જગતમંદિરના શિખર ઉપર નૂતન ધ્વજારોહણ તથા શ્રીજીના કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો.

# પ્રભાસ પાટણ પાસેના કાજલી ગામના નાગરીકનો મોબાઈલ શોધી આપી પ્રશંસનીય કામગીરી બજાવતી વેરાવળ પોલીસ



(મિનાક્ષી ભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૨૬

વેરાવળપોલીસે ગુમથયેલ, પડી ગયેલ કે ખોવાઈ ગયેલ મોબાઈલ શોધી કાઢી મુળ માલિકને પરત આપેલ છે.આ અંગેની મળતી વિગત અનુસાર રેન્જ આઈજી નીલેશ જાજડીયા તથા જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા તથા વિભાગીય પોલીસ અધિકારી વી.આર. ખેંગારના માર્ગદર્શન હેઠળ વેરાવળ સીટી પીઆઈ એસ.એમ. ઈસરાણીએ ભાલકા પોલીસ ચોકીની હદમાં કોઈ જગ્યાએ મોબાઈલ ફોન ગુમ થઈ જવા કે પડી જવાના બનાવોની ભાલકા પોલીસ ચોકીના પીએસઆઈ આર.આર. ગરચર, એએસઆઈ લખધીર પરમાર, પ્રકાશ વાળા તથા પો.કો. રાજેન્દ્ર રાઠોડ, પ્રવિણ બામણીયા, ધવલ મહેતા વગેરેએ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી એક ઓપો કંપનીનો એ-૧૫ મોડલનો મોબાઈલ કિંમત રૂા.૧૦,૦૦૦નો શોધી આપી જે તે સ્થિતિમાં અરજદાર વિનાયક પ્રેમજીભાઈ ગોહેલ રહે. વેરાવળ, ભીડીયા પ્લોટવાળાને પરત અપાવેલ હતો. તેવી જ રીતે પ્રભાસ પાટણ પાસેના કાજલી ગામના અરજદાર ઈરફાન સુલતાન સુમરા જેનો વીવો કંપનીનો એસ-૧ મોબાઈલ કિંમત રૂા.૧૫,૯૯૦ નો શોધી કાઢી પરત અપાવેલ હતો. આમ વેરાવળ સીટી તથા ભાલકા પોલીસ સ્ટાફે પ્રજાને ઉપયોગી થઈ પ્રશંસનીય કામગીરી કરતા ગુજરાત પોલીસનું ગૌરવ વધારેલ છે.

# માનવતા મહોત્સવ – રાષ્ટ્ર સંતનો ૫૩મો જન્મોત્સવ









થોડા દિવસ પહેલા મારા એક નજીકના મિત્રએ કહ્યું કે ગુરૂદેવ નમ્રમુની મહારાજ સાહેબને રાષ્ટ્રસંત શા માટે કહેવામાં આવે છે? ત્યારે મે કહેલું કે આ પ્રશ્નનો જવાબ હું આપું તેના કરતા તા.૨૪-૯-૨૦૨૩ રવિવારે ગુરૂદેવના ૫૩માં જન્મોત્સવ તરીકે જે માનવતા મહોત્સવનો કાર્યક્રમ છે તેમાં તમો હાજર રહેશો તો આપો આપ તમોને તેનો જવાબ મળી જશે અને તા.૨૪-૯-૨૦૨૩ રવિવારે આ જન્મોત્સવમાં મારા મિત્ર એ હાજરી આપેલ અને મહોત્સવ પુરો થયા પછી મને મારા મોબાઈલમાં મેસેજ કરેલ કે મેજે પ્રશ્ન પુછેલો હતો તેનો જવાબ આ મહોત્સવમાં મને મળી ગયેલો છે. ગુરૂદેવે તેમના આ જન્મોત્સવને માનવતા મહોત્સવ તરીકે કેમ ઓળખાય છે તે અંગે શરૂઆતમાં જ કહેલ કે સવારે તમો બધા નવકાશીમાં નાસ્તો કરતા હતા ત્યારે કોઈનેએવો વિચાર આવેલ કે જે લોકો ભુખ્યા છે તેઓનુ શું થતું હશે અથવા તો જે અબોલ પશુ પક્ષીઓ છે તેને કોણ આ પ્રકારે નાસ્તો આપતું હશે અને આવી ચિંતા જેને થાય તેનામાં જ માનવતા છે તેમ જણાવી માનવતા મહોત્સવનો અર્થ સમજાવેલ. ગુરૂદેવના જન્મોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશથી હજારો ભાવીકો આવેલા હતા. ૧૩૦ દેશમાં ગુરૂદેવના મહોત્સવનું લાઈવ પ્રસારણ થતું હતું અને ગુરૂદેવે તેમના પ્રવચનમાં જીવદયા ઉપર ખુબ જ ભાર મુકેલો હતો. ગુરૂદેવની જે પ્રવૃતીનો વ્યાપ છે અને તેના અનુયાયી સમગ્ર વિશ્વમાં ફેલાયેલા છે ત્યારે આપણે તેને શુભેચ્છા પાઠવીએ અને આ મહામાનવ હવે રાષ્ટ્ર સંત તો છે જ પરંતુ રાષ્ટ્રના સીમાડાઓ વટાવીને આંતરરાષ્ટ્રીય મહામાનવ બની રહ્યા છે તેની આપણે સૌએ માનવતા મહોત્સવમાં નોંધ લીધેલી છે. ગુરૂદેવ આજે જીવનના ૫૩ વર્ષ પુરા કરી રહયા છે ત્યારે આપણે શુભેચ્છીએ કે પોતાના સાધનાના હજુ બાકી આટલા જ વર્ષો પુરા કરે અને આ વૈશ્વીક મહામાનવ માટે બીજુ તો શું કહી શકાય પણ આખું વિશ્વ તું એને 'માનવ' જેને સરનામુ ગુરૂદેવનુ જોઈએ. આ મહોત્સવમાં એનીમલ એમ્બ્યુલન્સ માટેના કુલ-૧૮ દાતાઓ નોધાઈ ગયા અને અઢારમાં દાતા તરીકે રીલાયન્સ ફાઉન્ડેશન છે. ગુરૂદેવે તેમના પ્રવચનમાં જણાવ્યા મુજબ હજુ એમ્બ્યુલન્સ માટેના જુદા જુદા દાતાઓના મેસેજ આવી રહ્યા છે પરંતુ હાલ પુરતા તે એટલા માટે મૌકુફ રાખેલ છે કે ફકત એમ્બ્યુલન્સ લેવાથી કાર્ય શરૂ થતુ નથી પરંતુ તે માટે ઓછામાં ઓછા બે ડોકટર સહિતના સ્વયં સેવકોની જરૂર છે અને આવી વ્યવસ્થાઓ થઈ જાય પછી જ બાકીની એમ્બ્યુલન્સ માટેના દાતાઓની ઓફર સ્વીકારવામાં આવશે તેવુ ગુરૂદેવે જાહેર કરેલ છે. આ અવસરે ગુરૂદેવે માનવતાની નવી પરીભાષાની સમજ આપતા કહેલ કે માનવતા મહોત્સવ તમારા પુણ્યને એકસચેન્જ કરવાનો અવસર છે જયારે તમે કોઈને કાંઈ અર્પણ કરો છો ત્યારે ખરેખર અર્પણ નથી કરતા પરંતુ તમારા પુણ્યને એકસચેન્જ કરો છો. ગુરૂદેવે જણાવ્યું કે તમે તો સતકાર્ય કરો જ પરતું અન્યને સત કાર્ય કરતા શિખવાડો ગુરૂદેવની અર્હમ અનુકંપા યોજના હેઠળ એનીમલ એમ્બ્યુલન્સથી આજ સુધી ૩૦ હજાર ઘાયલ પશુઓને સમયસર સારવાર આપીને વેદના મુકત કરેલ છે. ગુરૂદેવે આ મહોત્સવમાં માનવતાની નવી પરીભાષા ફરમાવી છે અને જણાવેલ છે કે જે પોતાના સુખમાં બીજાનો ભાગ આપે તેનું નામ ભાગ્યવાન પરમ ગુરૂદેવના બુલંદ બ્રમ્હનાદે ઉવસગ્ગહર સ્તોત્રનો મંત્ર ધ્વની કરાયો હતો. આ રીતે કરૂણા અને કલ્યાણના કર્તવ્ય સાથે આપતા સત કાર્ય સાથે રાષ્ટ્ર સંત નમ્રમુનીનો ૫૩મો જન્મોત્સવ બની ગયો હતો મહામાનવતા મહોત્સવ.

**પ્રસંગોની પાઠશાળા પુસ્તકનું વિમોચન**

ગુરૂદેવના જન્મ મહોત્સવ પ્રસંગે બે પુસ્તકનું વિમોચન કરવામાં આવેલું જેમાં એક પુસ્તક "પ્રસંગોની પાઠશાળા" એ ગુરૂદેવના જીવનના પ્રેરક પ્રસંગોનું સુંદર સંકલન છે. ગુરૂદેવની લાંબી સન્યાસ યાત્રાના જુદા જુદા પ્રેરક પ્રસંગો આ પુસ્તકમાં કંડારાયેલા છે આવા ૫૦ જેટલા પ્રસંગો હયદને સ્પર્શી જાય એવા એટલા માટે છે કે તે ગુરૂદેવના જીવનના અને ભાવીકોએ પ્રત્યેક્ષ નિહાળેલા પ્રસંગો છે તેના ઉપરથી ગુરૂદેવની સમગ્ર માનવજાત અને અબોલ પશુઓ પરત્વેની અનુકંપા દેખાય છે. રૂા.૯૯૯નું જેમનું મુલ્ય છે તે આ જન્મોત્સવમાં રૂા.૧૦૦માં બુક આપવામાં આવેલી છે. ગુરૂદેવના વિરાટ વ્યકિતત્વના અનંત ગુણોની અભિવ્યકિત કરવા શબ્દ બહુ જ અલ્પ છે અને છતાં આ અલ્પ અભિવ્યકિત પણ આપને અનંત અનુભુતી કરાવી શકે તેજ આ "પ્રસંગોની પાઠશાળા" પુસ્તકનો મુખ્ય ઉદેશ છે. ગુરૂદેવના જીવનના ૫૦ પ્રસંગોમાં દરેકમાં કાંઈને કાંઈ આપણા જોગનો સંદેશો છે માંની ગોદથી સ્મશાનની ગોદ સુધીનું આ યાત્રામાં આપણે આપણું આત્મ કલ્યાણ કરી લેવું જોઈએ તેવા સંખ્યા બંધ ગુરૂદેવના પ્રસંગો આ પુસ્તકમાં વર્ણવેલ છે અને અમુકમાં તો એવું લાગે છે કે જાણે ગુરૂદેવ જેના વિશે કહે છે તે આપણે જ છીએ આ રીતે રાષ્ટ્ર સંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુની મહારાજ સાહેબના જીવન પ્રેરક પ્રસંગોનું સુંદર સંકલન એટલે "પ્રસંગોની પાઠશાળા". આજ મહોત્સવમાં બીજા અંગ્રેજી પુસ્તક "**Know I**"નું વિમોચન કરવામાં આવેલ નવી પેઢી ફકત ભાષાના કારણે સંસ્કારથી અલીપ્ત રહી ન જાય તે માટે ગુરૂદેવના સતત પ્રયાસોના ભાગ રૂપે આ પુસ્તક બહાર પડાયેલું છે. આ પુસ્તકનો મુખ્ય ઉદેશ **KNOWING YOURSELF ISTURE WISDOM..**

**માનવતા મહોત્સવમાં કેશોદની વિકલાંગ દિકરીઓ માટે સુંદર આવાસનું સ્વપ્ન સિધ્ધ થયું**

રાષ્ટ્ર સંત નમ્રમુની મહારાજ સાહેબના ૫૩ માં જન્મદિવસ ખરા અર્થમાં માનવતા મહોત્સવ તરીકે ઉજવાયો તેમા કેશોદના એક મંદ બુધ્ધીની બાળાઓ માટેની સંસ્થા માટે તો રાષ્ટ્ર સંત જાણે કોઈ ફરીસ્તા તરીકે તેમની મદદે આવ્યા હોય તેવો ભાવ થયો જૂનાગઢ જીલ્લાના કેશોદ ગામે વિકલાંગ આસ્થા સંસ્થાની થોડી દિકરીઓ ગુરૂદેવના દર્શનાર્થે આવેલ અને પોતાની સંસ્થાની વિગતો તેના સંચાલકોએ જણાવેલ અને તે સંસ્થાની છ થી સાત દિકરીઓ કે જે બોલી શકતી ન હતી કે સમજી શકતી ન હતી પરંતુ છતાંય પોતાના ભાવની સુંદર પ્રસ્તુતી સ્ટેજ ઉપર કરી તે કાબીલે દાદ હતું. ગુરૂદેવે મેળવેલ માહીતી મુજબ આ દિકરીઓને રહેવા માટેની આવાસની પુરી વ્યવસ્થા પણ ન હતી તેથી ગુરૂદેવે આ માનવતા મહોત્સવમાં એક દિવ્ય કળશની ઉછામણીની જે રકમ આવે તે તમામે તમામ સીધી આ સંસ્થાને આપી દેવાની જાહેરાત કરેલી અને ગુરૂદેવની આ રજુઆતના પ્રતિસાદમાં રૂા.૮૧,૦૦,૦૦૦ જેવું માતબર દાન આ સંસ્થાને મળેલ અને ગુરૂદેવે જણાવ્યું કે આ દાન સીધે સીધુ સંસ્થાને આપી દેવામાં આવશે. આ રીતે આ માનવતા મહોત્સવ કેશોદની વિકલાંગ દિકરીઓ માટે એક સુંદર આવાસનું સ્વપ્ન વાસ્તવીકતામાં પરીવર્તન પામેલું છે.

**સંકલન : કિરીટ સંઘવી**
**વન મેન આર્મી-જૂનાગઢ**

### સ્થાનીક નેતાઓને ઘરની બહાર નીકળવું પણ ભારે પડી જશે તેવો તીવ્ર આક્રોશ : વાહ રે.. જૂનાગઢ મનપાના શાસકોની ભાટાઈ!


# મુખ્યમંત્રીના આગમન ટાંકણે રાતો-રાત રસ્તાઓના કામ હાથ ધરાયા

### પ્રજાની અનેક ફરીયાદોને ઘોળીને પી જનારા જાડી ચામડીના નેતાઓએ મુખ્યમંત્રીની વાહ-વાહ મેળવવા અને સલામો ઠોકવા સજ્જ બન્યા!

જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢના સુપ્રસિધ્ધ અને ઐતિહાસિક ઉપરકોટના લોકાર્પણ માટે આગામી તા.૨૮ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના મુખ્યમંત્રી જૂનાગઢ ખાતે આવી રહયા છે ત્યારે મુખ્યમંત્રીશ્રીનું શાનથી સ્વાગત અને તેમને આવકારવા માટે મનપાના શાસકો કુંભકર્ણની નિંદ્રમાંથી આખરે જાગ્યા છે અને જે માર્ગોથી મુખ્યમંત્રી પસાર થવાના છે ત્યાં મગરના પીઠ જેવા બની ગયેલા રસ્તાઓના સમારકામ, રસ્તાઓમાં નિશાનીઓ તેમજ પેચવર્ક, રીપેરીંગ સહિતની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. બધાજ કામો પડતા મુકીને ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ આપણો કેમ સિક્કો પડે? કેમ વટ પડે, તેની તૈયારીમાં શાસકો જાણે જામી પડયા હોય તેવું લાગે છે. મનપા તંત્રની કચેરી ૨૪ કલાક ધમધમતી થઈ ગઈ છે અને મુખ્યમંત્રીને આવકારવાની તૈયારીઓ જોરશોરથી થઈ રહી છે. તો બીજીતરફ મુખ્યમંત્રી જૂનાગઢના મહેમાન બની રહયા હોય અને તેઓનું શાનથી સ્વાગત થાય તે માટે જૂનાગઢવાસીઓ પણ તત્પર છે. પરંતુ દુઃખ એટલું જ છે કે, જયારથી જૂનાગઢ મનપામાં ૨૦ વર્ષથી ભાજપનું શાસન છે તેમજ કોર્પોરેશન બન્યું છે ત્યારથી અત્યાર સુધીના ભાજપ શાસકોએ માત્ર પ્રજાકીય પ્રશ્ને, વિકાસના પ્રશ્ને ફકત ને ફકત હવામાં ગોળીબાર કરવા જેવી કામગીરી કરી છે. લાઈટ, પાણી, રસ્તા સહિતની સુવિધાઓ તો આ શહેરને બે દાયકા કરતા પણ વધારે સમયથી યોગ્ય રીતે મળી નથી. આ વર્ષે તો ૨૦ જુનની આસપાસ ધોધમાર વરસાદને પગલે પુર, પ્રકોપની સ્થિતી સર્જાયેલ હતી અને જેને લીધે જૂનાગઢ વાસીઓના જીવન પડીકે બંધાઈ ગયા હતા. જૂનાગઢ શહેરના કહેવાતા સત્તાધીશોએ જૂનાગઢ વાસીઓનો ખો કાઢી નાખવામાં કાંઈ પાછું વળીને જોયું નથી. ઠેક-ઠેકાણે ગેરકાયદેસર બાંધકામોના ઢગલા, વોકળાઓ પર દબાણ કરીને પણ ઈમારતો ચણી દેવામાં આવી, ખરાબ રસ્તાઓ આજે જૂનાગઢ શહેરનું નજરાણું બની ગયા છે. શહેરમાં જયાં જુઓ ત્યાં તુટેલા ફુટેલા રસ્તા, ગલી, સોસાયટી, મહોલ્લાઓમાં પણ બદતર હાલત, મુખ્ય ચોકોમાં પશુઓનો જમેલો, રખડતા કુતરાઓનો ત્રાસ, આવી અનેકગણી સમસ્યાઓ આ શહેરમાં વર્ષોથી છવાયેલી રહી છે. અને આ સમસ્યાનો કોઈ હલ આવવાને બદલે રાત દિવસ સમસ્યાઓમાં વધારો થઈ રહયો છે. કહેવાતા શાસકો કે ભાજપના બની બેઠેલા આગેવાનો પછી તે કોર્પોરેટર હોય, ધારાસભ્ય હોય, સંસદસભ્ય હોય કે શહેર અને જીલ્લાના પદાધિકારીઓ હોય, તેમનું કામ પ્રજાકીય હોવાને બદલે નેતાઓની કદમપોશીમાં જ સમય જાણે વ્યતિત કરતા હોય, સારા કપડા પહેરીને નેતાઓની જેમ સજજ થઈ અને મંત્રીઓની આગળ પાછળ ફરવું, ફોટો સેશન કરાવવું, હારતોરા કરવા અને જયારે કોઈ પ્રધાન આવે ત્યારે તેમની જી, હા હજુરીમાં પેશ થવું એટલા જ કામો જૂનાગઢના શાસકોથી લઈ પદાધિકારીઓ કરી રહયા છે અને તેની સામે જનતાનો પણ તીવ્ર આક્રોશ સતત ને સતત છવાયેલો રહયો છે. જૂનાગઢના કહેવાતા નેતાઓ જો પ્રજાના કોઈ કામ કરી શકશે નહીં તો આગામી દિવસોમાં આ નેતાઓને ઘરની બહાર નીકળવું પણ ભારે પડી જશે તેવો તીવ્ર આક્રોશ પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે. હાલ વાત થાય છે જૂનાગઢની શાન સમા ઉપરકોટના લોકાર્પણ અંગેની. ગુજરાતના મુખ્યમંત્રીની જયારે જૂનાગઢમાં પધરામણી થતી હોય તેવા સમયે મુખ્યમંત્રી સમક્ષ પોતાની છબી અને તસ્વીર સારી રીતે રજુ થાય તે માટેની કોઈ કસર અહીંના નેતાઓ બાકી રાખતા નથી અને એટલા માટેજ કરવેરાના ભારે બોજ હેઠળ કચડાયેલી જનતા લાઈટ, રસ્તા, ગટર, સફાઈ સહિતના મુદે ભલે નર્ક જેવી પિડા અનુભવતી હોય પરંતુ આ ગુજરાતના મુખ્યમંત્રીને જૂનાગઢ શહેર ખુબજ રૂપકડું લાગવું જોઈએ અને તે માટેના શકય તેટલા તમામ પ્રયાસો મનપાના શાસકો કરી રહયા છે ત્યારે તેની સામે જનતા ભારે આક્રોશ ઠાલવી રહી છે.





# જૂનાગઢમાં પટેલ કેળવણી મંડળની હોસ્ટેલમાં રહી બી.કોમ.નો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીનો હોસ્ટેલનાં રૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૬

જૂનાગઢની કોલેજમાં બીકોમનો અભ્યાસ કરતી અને પટેલ કેળવણી મંડળમાં રહેતી યુવતીએ હોસ્ટેલના રૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. યુવતીએ સ્યુસાઈડ નોટમાં માં-બાપની માફી માંગી અને મોત વ્હાલું કર્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. સુરત નિવાસી અને જૂનાગઢમાં પટેલ કેળવણી મંડળમાં રહેતી અને ઘોડાસરા કોલેજમાં બીકોમનો અભ્યાસ કરતી વિદ્યાર્થીની શિવાનીબેન વિરોજા(ઉ.વ.૧૮) એ પોતાના રૂમમાં અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા હોસ્ટેલ પરિસરમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાના પગલે પટેલ કેળવણી મંડળના પ્રમુખ સવજીભાઈ મેંદપરાએ જણાવ્યું હતું કે, અમારી સંસ્થામાં રહેતી અને ઘોડાસરા કોલેજમાં અભ્યાસ કરતી સુરતની એક દિકરીએ બપોરના એક વાગ્યા આસપાસ આત્મહત્યા કરી હોવાની ઘટના બનવા પામી છે. આ દિકરીએ સવારે કોલેજમાંથી રીસેસમાં પોતાના પરિવાર સાથે વાત કરી હતી. ત્યારબાદ કોલેજ પુરી થયા બાદ હોસ્ટેલમાં જતી રહી હતી. જયારે હોસ્ટેલ રૂમમાં ૬ દિકરીઓ રહેતી હોય છે. જેથી ૧૨ વાગ્યે જમવાનો સમય હોવાથી રૂમમાંથી જવા માટે નિકળ્યા ત્યારે શિવાનીએ જમવાની ના પાડી હતી. જેથી ૫ દિકરીઓ જમવા માટે જતી રહી જયારે શિવાની રૂમમાં જતી રહી હતી. ત્યારબાદ શિવાનીની રૂમ મેન્ટ જમીને પરત ફરતા રૂમ લોક જોવા મળ્યો હતો. જેથી તેણે બારીની સ્લાયડર ખોલી અને જોતા શિવાનીએ આપઘાત કર્યો હોવાનું દેખાતા રાડારાડી કરી મુકતા ગૃહમાતા તથા પ્રમુખને જાણ કરી હતી. સંસ્થા દ્વારા તાત્કાલીક પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી. પોલીસ દ્વારા બારીનો ગ્રીલ તોડી અને દરવાજો ખોલી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પોલીસને સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં શિવાનીએ પોતાના માતા-પિતાની માફી માંગી હોય તેવું પોલીસ સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. અગમ્ય કારણોસર અને હોસ્ટેલમાં ગમતું ન હોય ઘરની યાદ આવતી હોય જેથી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક અનૂમાન લગાવવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ ભૂતકાળમાં પણ વિદ્યાર્થીનીઓના આપઘાતના બનાવો બન્યા છે. ત્યારે વધુ એક વિદ્યાર્થીનીના આપઘાતના બનાવને પગલે ચર્ચા જાગી છે.

(તસ્વીર : અમ્મર બખાઈ)

# જૂનાગઢમાં હિન્દુ-મુસ્લીમ એકતાના પ્રતિક સમા ગણેશ ઉત્સવની ઉજવણી





જૂનાગઢતા. ૨૬

જૂનાગઢમાં હાઉસીંગ બોર્ડ ખાતે આવેલ મસ્તાન ગ્રુપ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈશાકભાઈ નોટીયાર, ચંદુભાઈ વાઢેર, મહેશભાઈ વાઘેલા તથા અન્ય લોકો દ્વારા ઘણા સમયથી ગણેશજીની મૂર્તિ બેસાડી હિન્દુ-મુસ્લીમ એકતાનું પ્રતિક માની ગણેશ મહોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવે છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

### સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના એજન્ટ

# અલ્તાફભાઈ કલ્યાણીના પરિવારમાં રૂડો અવસર



જૂનાગઢતા. ૨૬

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પત્ર, ગુજરાત ટુડે તેમજ ફુલછાબના જૂનાગઢ શહેરના એજન્ટ અલ્તાફખાન એસ. કલ્યાણીના પરિવારમાં રૂડો અવસર આવ્યો છે. અલ્તાફખાન કલ્યાણીના સુપુત્ર અમાનખાનના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે તા.૩૦-૯-૨૩ ને શનિવારે બપોરે ૧૨ કલાકે તેમના નિવાસ સ્થાન અમન પાર્ક સોસાયટી-૧, બ્લોક નં.૧૩, ઘાંચીપટ્ટ, ફાતેમા મસ્જીદ પાછળ, જૂનાગઢ ખાતે સ્વરૂચી ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે અને આ પ્રસંગે શુભેચ્છકો, સ્નેહી મિત્રોને ભાવભર્યું નિમંત્રણ પાઠવી આમંત્રીત કરવામાં આવેલ છે. આ શુભ અવસરે સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

### કોમી એકતાના પ્રતિક સમાન ઉપલા દાતારની ધાર્મિક જગ્યા ખાતે

# પૂ. દાતારબાપુના મહાપર્વ ઉર્ષના મેળાની ભાવભેર ઉજવણી

## ગઈકાલે ચંદનવિધી કરાઈ : આવતીકાલે દિપમાળા







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૬

કોમી એકતાના પ્રતિક સમાન ઉપલા દાતારની ધાર્મિક જગ્યામાં દાતારબાપુના મહાપર્વ ઉર્ષના મેળાની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના પગલે ગઈકાલે સોમવારે ચંદનવિધીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દાતારબાપુની ગુફામાંથી અમૂલ્ય આભૂષણો બહાર કાઢી જેની વિધી કરવામાં આવી હતી. જે કાર્યક્રમ અંતર્ગત ગુફામાં રહેલા આભૂષણો વર્ષમાં માત્ર એકજ વખત બહાર કાઢવામાં આવે છે અને તેને ગંગાજળ અને વિવિધ પવિત્ર જળ અર્પણ કરીને પૂજનવિધી કરવામાં આવી હતી અને ત્યારબાદ આ આભૂષણોને દર્શનાર્થીઓ માટે ખુલ્લા રાખવામાં આવ્યા હતા. આમ દર્શન બાદ વહેલી સવારે આભૂષણોને ફરીથી ગુફામાં પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા. આ ચંદનવિધી બાદ આજે એક દિવસનો આરામ હોય છે અને ત્યારબાદ બુધવારે એટલે કે આવતીકાલે મહેંદી એટલે કે દિપમાળાનો કાર્યક્રમ યોજાશે. પૂ. ભીમબાપુની નિશ્રામાં ઉર્ષનો મેળો ભાવભેર ઉજવાય રહ્યો છે અને મહાપર્વ ઉર્ષના મેળામાં ભાવિકો મોટી સંખ્યામાં દાતારબાપુના દર્શન માટે ઉમટી પડે છે. (તસ્વીર : વિજય ત્રિવેદી)

# જીઆઈડીસી-રમાં કારખાનામાં રહેલ ફોરવ્હીલમાં છુપાતા ગરમી તથા ગુંગળામણના કારણે પાંચ વર્ષના બાળકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૨૬

જૂનાગઢ નજીક આવેલા જીઆઈડીસી પ્લોટ નં-૬ મેરાજભાઈના કારખાના નજીક રવિન્દ્ર છોટાલાલ ભારતી (ઉ.વ.૨૮) રહે.કંચનપુર તા.પુરેના જી.મહારાજગંજ, ઉત્તરપ્રદેશ વાળાનો પરિવાર રહે છે. દરમ્યાન તા.૨૩-૯-૨૦૨૩ના કલાક ૧૧ના કોઈપણ સમય પહેલા બનેલા બનાવમાં આ પરિવારના પુત્ર આદિત્ય (ઉ.વ.૫)ની માતા નવડાવતી હોય અને તે દરમ્યાન આદિત્ય (ઉ.વ.૫)ને નાહવું ન હોય જેથી છુપાવવા માટે તેની સામે આવેલ કારખાનામાં રહેલ ફોરવ્હીલમાં દરવાજો ખોલી છુપાતા અંદર ગરમી તથા ગુંગડામણના કારણે સારવાર દરમ્યાન આ બાળકનું મૃત્યું થતા તેના પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. પોલીસને જાણ કરવામાં આવતા જૂનાગઢ તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ

ફ્રીઝ ૬૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ૐ નેચર કયોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨